Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૯૫
તા.૧૧-૦૫-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૨ સૂર્યાસ્ત : ૦૭:૧૨

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨.૨ | વડોદરા | ૪૨.૩ |
| અમદાવાદ | ૪૩.૩ | સુરત | ૪૦.૦ |
| ગાંધીનગર | ૪૩.૦ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૨૦૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ધોરણ-૧૨ સાયન્સનું ૭૨.૯૯ ટકા પરિણામ

## રાજકોટ જિલ્લાનું સૌથી વધુ ૮૫.૦૩ ટકા : સૌથી ઓછુ ઉદયપુર જિલ્લાનું ૩૫.૬૪ ટકા પરિણામ : અગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૫૮ ટકા અને ગુજરાતી માધ્યમનું ૭૨.૪૫ ટકા રહ્યું

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે ભારે ઉત્સુકતા વચ્ચે જાહેર કરવામાં આવ્યુ હતું.ગુજરાતનુ પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર કરવામાં આવ્યુ છે. ગુજરાતના શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. સેમેસ્ટર પ્રથાને રદ કરવામાં આવ્યા બાદ ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનુ પરિણામ પ્રથમ વખત જાહેર કરવામાં આવ્યુ છે. અમદાવાદ શહેરનુ પરિણામ ૭૫.૨૪ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. જયારે અમદાવાદ જિલ્લાનુ પરિણામ ૮૨.૧૭ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૮૧.૮૯ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. ગયા વર્ષની તુલનામાં પરિણામ આ વખતે નીચે રહ્યુ છે. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦૦ ટકા પરિણામવાળી સ્કુલોની સંખ્યા ૪૨ નોંધાઇ છે. જ્યારે ૧૦ ટકા કરતા ઓછુ પરિણામ મેળવનાર સ્કુલોની સંખ્યા ૨૬ રહી છે. આવી જ રીતે એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮૩૮ નોંધાઇ છે. એ ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૭૭.૨૯ ટકા રહ્યુ છે. બી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૯.૭૭ ટકા રહ્યુ છે. આવી જ રીતે એબી ગ્રુપના પરીક્ષાર્થીઓનુ પરિણામ ૬૧.૧૧ ટકા રહ્યુ છે. આંકડામાં દર્શાવવામાં આવ્યુ છે કે ૨૦ ટકા પાસિંગ સટાન્ડર્ડનો લાભ લઈને પાસ થનાર ડિફરેન્ટએબલ પરીક્ષાઓ ૨૧ નોંધાયા છે. આ વખતે ચોરી અને કોપી કેસને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. જુદા જુદા પગલાના ભાગરૂપે ગેરરીતિના કેસોની સંખ્યા ૧૨૦ નોંધાઇ છે. ૧૩૪૩૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે પૈકી ૯૮૦૬૭ વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાના પાત્ર થયા છે. આ વખતે પણ અંગ્રેજી માધ્યમનુ પરિણામ સૌથી વધારે ૭૫.૫૮ રહ્યુ છે. ગુજરાતી માધ્યમનુ પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યુ છે. કુલ પરિણામ ૭૨.૯૯ ટકા રહ્યુ છે. રાજકોટ જિલ્લાનુ સૌથી ઉંચુ પરિણામ ૮૫.૦૩ ટકા આવ્યુ છે. જ્યારે છોટા ઉદયપુર જિલ્લાનુ પરિણામ સૌથી ઓછુ ૩૫.૬૪ ટકા રહ્યુ છે. ધ્રોળ કેન્દ્રનુ પરિણામ ૯૫.૬૫ ટકા રહ્યુ છે.

## વિચાર વૈભવ...

### ગ્રામ સંસ્કૃતિની સમસ્યા

ગમે કે ન ગમે, સ્વીકારો કે નહીં, પણ ભારતના ગામડાંઓમાં નવી સંસ્કૃતિનો અભ્યુદય થઈ રહ્યો છે અને ક્રમશઃ સંપૂર્ણ પરિવર્તનો આવી રહ્યા છે. આપણા ગુજરાતના ગામડાંઓમાં દેશીકુળના વૃક્ષોનો ખાત્મો બોલી ગયો છે. ખેતરને શેઢે મોટા ઘેરાવામાં ફેલાયેલા કેરડાઓ કપાઈ ગયા છે અને ટીવી ચેનલના વાયરો ઘરેઘરે પહોંચી ગયા છે જેમાં ગ્રામવિકાસ કે કૃષિ વિકાસનો એક પણ સારો કાર્યક્રમ જોવાનો કોઈને યોગે પ્રાપ્ત થતો નથી. દરેક ગામમાં કરિયાણાની દુકાન અને પાનની દુકાન ભેગી છે અથવા પાનની દુકાનની સંખ્યા વધારે છે. થોડાક જાતે ખેતી કરતા યુવાનો પણ પાનબીડી સાથે લઈને ખેતરે જાય છે. એના બાવડાના બળ આવનારા ચોમાસાઓને શી રીતે ઝીલી શકશે? ઓટલે બેઠા થતી ખટપટ ચાલુ છે. છતાં આ બધા વચ્ચે કયાંક સ્વાધ્યાય પરિવાર તો કયાંક સ્વામિ નારાયણ સત્સંગીઓના જૂથો સદ્‌વિચારો પ્રસરાવવા મથામણ કરતાં જોવા મળે છે. કોબીમાં ૧૮૦૦ હોર્સ પાવરની દવા નાંખવામાં આવે છે. ખાતરોએ ખાદ્યાન્નને અખાદ્ય જેવા કરી મુકયા છે. સ્વરોજગારીના સો ઉપાયોમાંથી એકેયની અજમાયશ નજરે ચડતી નથી. ગામડામાં કોઈને દીકરી દેવી નથી એટલે ૪૦ વટેલા કુંવારાઓની સંખ્યા વધી રહી છે. શું આ આપણી ગ્રામ સંસ્કૃતિ છે.

- ગિજુભાઈ ભરાડ

# કર્ણાટકમાં ચૂંટણી પ્રચારના પડઘમ શમ્યા: ૧૨મીએ મતદાન

બેંગલોર

કર્ણાટકમાં હાઈવોલ્ટેજ પ્રચારનો આજે અંત આવ્યો હતો. ૨૨૪ સીટોવાળી કર્ણાટક વિધાનસભા માટે હવે ૧૨મી મેના દિવસે મતદાન થશે. કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર બનાવી શકશે કે પછી ભાજપ સરકાર બનાવશે તે અંગે ૧૫મી મેના દિવસે ફેંસલો થશે. પ્રચારના અંતિમ દિવસે તમામ તાકાત લગાવી દેવામાં આવી હતી. વરિષ્ઠ નેતાઓ આક્રમક રેલીઓ, પત્રકાર પરિષદ અને રોડ શો કરતા નજરે પડ્યા હતા. બંને પાર્ટીઓ પોતપોતાની જીતના દાવા કર્યા





હતા. કોંગ્રેસ પોતાના સૌથી મોટા રાજ્યમાં સત્તાને જાળવવા પ્રયાસ કરશે. બીજી બાજુ ભાજપ મોદી મેજિકનો સહારો સત્તા આંચકી લેવાના પ્રયાસમાં છે. મોદીએ ચૂંટણી તારીખોની જાહેરાત પહેલા જ સભાઓ કરવાની શરૂઆત કરી હતી. ૧૨૪ સીટમાંથી સરકાર બનાવવા ૧૧૩ સીટોની જરૂર છે. કોંગ્રેસ પાસે હાલમાં ૧૨૨ સીટો છે. ભાજપ પાસે ૪૩ અને જેડીએસ પાસે ૩૭ સીટો છે. કર્ણાટક વિધાનસભાની અવધિ મે ૨૦૧૮માં પૂર્ણ થઈ રહી છે. કર્ણાટકમાં ૪ કરોડ ૯૬ લાખ વોટરો છે. ૯૭ ટકા લોકોને ફોટો ઓળખપત્ર જારી કરવામાં આવ્યા છે. ચૂંટણીમાં ૫૬ હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. તમામ પોલિંગ સ્ટેશન પર ઈવીએમની સાથે વીવીપેટનો ઉપયોગ કરાશે. પ્રચારનો અંત આવી ગયા બાદ ૧૨મી મેના દિવસે મતદાન થશે અને ૧૫મી મેના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. ભાજપ તરફથી પ્રચારની જવાબદારી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે સંભાળી હતી. આ ત્રણેય દ્વારા જોરદાર પ્રચાર કરીને માહોલ સર્જવાના પ્રયાસ કર્યા હતા.

# જળસંચયથી જળસંકટ પર વિજય મેળવીએ : રૂપાણી





હિમતનગર

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, પાણીએ પરમેશ્વરનો પ્રસાદ છે. તેનું એકએક ટીપું રોકાય અને સંગ્રહાય તે માટે ચોમાસાના આગમન પૂર્વેજળ સંચયના કામો જનસહયોગથી હાથ ધરવાનું મહાઅભિયાન હાથ ધર્યું છે. લોકભાગી દારીથી શરૂ કરાયેલું આ જળ અભિયાનએ સાચા અર્થમાં જનઅભિયાન બન્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ આજે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં બાવળકાંઠીયા ખાતે માંગોળ વાડી નદીને પુનઃજી વિત કરવાના ભાગરૂપે ચેકડેમ નિર્માણનું ભૂમિપૂજન કરતા જણાવ્યું હતુંકે, પાણીએ વિકાસનો પાયો છે.

ગુજરાતનું આ અભિયાન પણ દેશને નવી દિશા આપશે તેવો વિશ્વાસ વ્યકત કરી તેમણે કહ્યું કે, આ અભિયાન અન્વયે તળાવો ઊંડા કરવાના ખોદકામમાંથી નીકળેલી માટી પર ૩૧મે સુધી કોઇ રોયલ્ટી નહી લેવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મુખ્યમંત્રીએ આ જળસંચય અભિયાનના વિરોધીઓને સ્પષ્ટપણે જણાવ્યું કે આ અભિયાન કોઇ રાજકીય ઈરાદાથી નહિ, પરંતુ જનસેવાની ઉદાત ભાવનાથી ઉપાડયું છે. ગુજરાતમાં જનહિતના અનેક અભિયાનો આ સરકારે વિકાસની રાજનીતિ અપનાવી શરૂ કર્યા છે અને પારદર્શીતાથી ‘સૌનો સાથ સૌનો વિકાસ’નો મંત્ર પાર પાડયો છે. તેમણે કહ્યું કે રાજ્યમાં ૩૨ નદીઓને પુનઃજીવિત કરવા ઉપરાંત, બારમાસી નદીઓની સાફ સફાઇ હાથ ધરાશે. અમદાવાદની ખારીકટ કેનાલમાંથી રોજનો ૧હજાર ટન કચરો બહાર કઢાયછે આમાં મોટી સંખ્યામાં જનભાગીદારીને જોડાવા પણ તેમણે આહવાન કર્યું હતું.

વિજયભાઇ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના સ્થાપનાદિન ૧લી મે થી રાજ્યમાં શરૂ કરાયેલા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત અત્યાર સુધી ચેકડેમ, ડીસીલ્ટીંગ, નહેરોનીસફાઇ, ચેકડેમ, ચેકડેમ રિપેરીંગ, તળાવ, કન્ટુરટ્રેન્ચ, વનતલાવડી અને રેઈન વોટર હાર્વેસ્ટીંગ સહિતના ૧૩ હજારથી વધુ કામ શરૂ કરાયા છે.

અનુસંધાન પાના નં.૬

ગુજરાત હાઈકોર્ટનો બહુ મોટો ઝટકો

# વિપુલ ચૌધરી કોઈપણ સહકારી ચૂંટણી નહીં લડી શકે

## પશુદાણ કૌભાંડના કેસમાં ભૂતપૂર્વ ગૃહમંત્રી વિપુલ ચૌધરી પાસેથી ૪૨ કરોડ રૂપિયા વસૂલવા હાઈકોર્ટ માટે હુકમ

અમદાવાદ

ગુજરાતભરમાં જબરદસ્ત ચકચાર જગાવનારા પશુદાણ કૌભાંડના કેસમાં ગુજરાત હાઈકોર્ટે એક બહુ મહત્વના ચુકાદા મારફતે રાજયના પૂર્વ ગૃહમંત્રી અને પશુદાણ કેસમાં સંડોવણી ધરાવતા દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને કોઈપણ સહકારી ચૂંટણી લડવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. આ હુકમ સાથે જ હાઈકોર્ટે ચકચારભર્યા પશુદાણ કૌભાંડ કેસમાં વિપુલ ચૌધરી પાસેથી રૂ.૪૨ કરોડ વસૂલવાનો પણ આદેશ કર્યો છે. આ હુકમને પગલે વિપુલ ચૌધરીને ગુજરાત હાઈકોર્ટ માંથી બહુ મોટો ઝટકો મળ્યો છે, તો સાથે સાથે હાઈકોર્ટના આ ચુકાદાને લઇ સહકારી ક્ષેત્રમાં જબરદસ્ત ચકચાર મચી ગઇ છે. બીજીબાજુ, ચૌધરી દ્વારા ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સામે સુપ્રીમકોર્ટમાં પિટિશન કરવાની વિચારણા ચાલી રહી છે. ચુકાદાના અભ્યાસ અને કાયદાકીય નિષ્ણાતોના અભિપ્રાય બાદ ચૌધરી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકારે તેવું મનાઇ રહ્યું છે. ગુજરાતભરમાં ભારે ચકચાર જગાવનાર આ કેસની વિગત એવી છે કે, મહારાષ્ટ્રમાં દુષ્કાળ સમયે મહારાષ્ટ્રની મહાનંદા ડેરીને રૂ. ૨૨.૫૦ કરોડનું પશુદાણ આપવામાં અનિયમિતતા, સાગર ડેરીમાં રૂ. ૨.૦૬ કરોડના માલના સ્ટોકમાં ગેરરીતિ અને ખાંડની ખરીદીમાં રૂ. ૧૭.૨૬ કરોડની ગેરરીતિ એમ કુલ રૂ. ૪૧.૮૩ કરોડની અનિયમિતતા આચરી હોવા સહિતના કેટલાક ગંભીર આરોપ વિપુલ ચૌધરી પર લાગ્યા હતા.

# વાવના ખીમાણાવાસમાં મહિલાને પોઝીટીવ ડેંગ્યુના કેસ દેખાતાં ફફડાટ

થરાદ

થરાદ પંથકના શહેર અને ગ્રામિણ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી શંકાસ્પદની સાથે ડેંગ્યુના પોઝીટીવ કેસ પણ જોવા મળી રહ્યાછે.બે દિવસ પુર્વે જ વાવ તાલુકાના ખિમાણાવાસના એક મહિલાને અર્ધબેભાન અવસ્થામાં સારવાર માટે પુર્વ સુપ્રિન્ટેડેન્ટ અને શહેરના ખાનગી તબીબ ડૉ કમલેશભાઇ એન્જીનીયરની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જેમનો રિપોર્ટ કરાવતાં પ્લેટેનેટ કાઉન્ટ ઘટીને ૭૫ હજાર હોઇ તબીબે રિપોર્ટ



કરાવતાં ડેંગ્યુ પોઝીટીવ હોવાનું આવ્યું હતું. જોકે બે દિવસની સારવાર બાદ તેમની તબીયતમાં સુધારો થવા પામ્યો હોવાનું તબીબે જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

તગડી ફી વસુલતી મોંઘીદાટ સ્કૂલ નો વિકલ્પ બનતી સરકારી શાળાઓ

# પાલનપુરની સરકારી ઉ.મા. કુમાર શાળાનું ૭૩% પરિણામ

જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સરકારી સ્કૂલ બની આશીર્વાદરૂપ





સંજય જોષી

પાલનપુર

આજે રાજયમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામો જાહેર થયા છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં સરકારી સ્કૂલની શરૂ કરાયેલી વિજ્ઞાન પ્રવાહની પ્રથમ બેન્ચનું પરિણામ ૭૩.00% આવતા સરકારી સ્કૂલોમાં ગુણવત્તા સભર શિક્ષણનો ધ્યેય સફળ થયો છે.

આજે બનાસકાંઠા જિલ્લા માં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ નું પરિણામ જાહેર થયું હતું. આ પરિણામોમાં સૌથી સારું પરફોર્મન્સ પાલનપુર માં ૭૭.૭૮% સાથે રહેવા પામ્યું હતું. જયારે સૌથી ઓછું પરિણામ ડીસા તાલુકા માં ૫૬.૬૫% આવેલ છે. જોકે ખાનગી શાળાઓ વાલીઓ પાસેથી તગડી ફી વસુલે છે. તેવી સ્થિતિમાં ખાનગી સ્કૂલ કરતા પણ સારું પરિણામ પાલનપુર ખાતેની સરકારી ઉચ્ચતર માધ્યમિક કુમાર શાળામાં આવેલ છે. આ શાળાની પ્રથમ બેન્ચમાં ૭૩.00% જેટલું પરિણામ આવેલ છે. જેનાથી સરકારી સ્કૂલોમાં ગુણવત્તા સભર શિક્ષણ મળતું નથી. અને અમારી ખાનગી સ્કૂલો માં ૧૦૦ % પરિણામ આવે છે. તેઓ દાવો કરતી ખાનગી સ્કૂલો ની પોલ ખુલી જવા પામી છે. અને પહેલીવાર પ્રથમ બેન્ચમાં ભણતા વિધાર્થીઓ પણ ૭૩.00% જેટલુ ઊંચું પરિણામ લાવી સાબિત કરી બતાવ્યું છે કે,જો મન થી ભણવું હોય તો સરકારી સ્કુલ પણ બેસ્ટ વિકલ્પ બની શકે છે તેવું મુકેશભાઈ ઠાકોર નામના વાલીએ જણાવ્યું હતું.

આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારી હર્ષદભાઈ રાવલે જણાવ્યું હતું કે, પાલનપુરની સરકારી સ્કૂલ પોતાની વિજ્ઞાન પ્રવાહ માં કારકિર્દી

અનુસંધાન પાના નં.૬

# ટ્રેનમાં બેસવા-ઉતરવા જતા હાદસાની સ્થિતીમાં વળતર

નવી દિલ્હી

હવે ટ્રેનમાં બેસવા જતા અથવા તો ઉતરવા જતા ઘાયલ થઇ જવાની સ્થિતમાં રેલવે દ્વારા વળતર આપવામાં આવશે. રેલવેને સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ તારણ આપતા કહ્યુ છે કે ટ્રેનમાંથી ઉતરતી વેળા અથવા તો બેસતી વેળા જો યાત્રીનુ મોત થઇ જાય છે અથવા તો તે ઘાયલ થઇ જાય છે તો તે એક અપ્રિય અને દુખદ ઘટના છે. આવી સ્થિતીમાં યાત્રી વળતર મેળવી લેવાનો અધિકાર ધરાવે છે.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

# દુધસાગર ડેરીમાં આગ લાગતા કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો

મહેસાણા

મહેસાણામાં આવેલી દૂધસાગર ડેરીમાં આગની ઘટના બની છે. ડેરીના સ્ક્રેપયાર્ડ વિભાગમાં આગ લાગી છે. સ્કેપયાર્ડમાં ડેરીનો વધારાનો સામાન અને ભંગાર રાખવામાં આવતો હતો. આગ લાગવાના કારણે ડેરીમાં કામ કરી રહેલા કર્મચારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.



થોડીવારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા કામ કરતા કર્મચારીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. જોકે તાત્કાલિક ફાયર ફાઈટર્સને બોલાવી આગને કાબૂમાં લેવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. તુરંત જ દુધ સાગર ડેરીમાં રહેલા સામાનને અન્યત્રે ખસેડવાની કામગીરી કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવી હતી. જ્યારે કામ કરતા મજૂરોમાં ડર વ્યાપી ગયો હોવાથી ભાગાભાગી મચી ગઈ હતી.

સૂર્યોદય - ૬.૦૨ સૂર્યાસ્ત - ૭.૧૨

## તિથિદર્શન

વૈશાખ વદ-૧૧ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ : અગીયારસ શુક્રવાર નક્ષત્ર: પૂર્વભાદ્રપદ બપોરે ૧.૨૬ પછી ઉત્તરભાદ્રપદ યોગ :વૈધૃતી કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**પ્રાયેણામકુલાન્તિતં કુલજાઃ**
**શ્રીવલ્લભં દુર્મગા દાતારં કૃપાણા**
**ૠજૂનનૃજવો વિત્તાન્વિતં નિર્ધનાઃ**
**વૈરુપ્યા પહતાશ્ચ કાન્તવપુષં ધર્માશ્રયં**
**પાપિનો નાના શાસ્ત્ર વિચક્ષણં ચ**
**પુરૂષં નિન્દન્તિ મૂર્ખાજનાઃ ॥**

સુભાષિત રત્ન ભાડાંગારના બીજા અધ્યાય ‘સામાન્યનીતિ’ આ શ્લોક માણસની નકારાત્મક - ટીકારાત્મક દૃષ્ટિની નિંદા કરે છે.: આ વિશ્વમાં ઘણુંખરુ તો એવું જ જોવા મળે છે કે પતિત ખરાબ કુળમાં જન્મેલા લોકો કુલીન કુળમાં જન્મેલા પુરુષની નિંદા કરતા હોય છે. જેમનો નશીબ જેમને સાથ નથી આપતું અર્થાત કમનશીબ લોકો, ભાગ્યશાળી જનોની સદાય નિંદા કરે છે. જે કંજૂસ લોભી છે તે ઉદાસ હાથે અપાતા દાન જોઈ નથી શકતા તેની દાન આપનારની ‘ઉડાઉ’ તરીકે નિંદા કરતાં હોય છે.

જે કપટી લુચ્ચા લોકો છે તેમને સજ્જનની સરળતા ખટકતી હોય છે. આવા લોકો સજ્જનને ‘ભોળો’ ‘મૂર્ખ’ કહી ઉતારી પાડતાં હોય છે. જે નિર્ધન - ગરીબ હોય છે તે ધનિકની ટીકા કરે છે અને તેમની આવકના સ્રોત- માર્ગ - રીતની મીઠું-મરચું નાખી ટીકા કરે છે. સૌંદર્ય ધરાવતી સ્ત્રીઓ કે સ્વરૂપવાન યુવાનોને કુદરતી શુભેચ્છાથી સૌંદર્ય મળ્યું હોય છે છતાં તેના ટીકાકારો તેને ‘બનાવટી’ કહી ટીકા કરે છે. પાપીજનો ધાર્મિક - સરળ ભગત લોકોની ઢોંગી છે એમ કહી નિંદા કરે છે. મૂર્ખ લોકો જ્ઞાનીની ટીકા કરે છે. આમ, સામાન્ય રીતે નિંદકો કોઈનું સારું પાસું જોઈ નથી શકતા.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)અગત્યનું કાર્ય લંબાણમાં પડી જાય. સ્વજનોથી મનદુઃખ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. ગુપ્ત યોજના પાર પાડી શકશો.**
**મિથુન : (ક.છ.ઘ.)નાણાંકીય લેવડ-દેવડમાં સાવચેત રહેવું. વડીલવર્ગ દ્વારા વડીલની મદદ મળી રહે.**
**કર્ક : (ડ.હ.) કાર્યબોજમાં વધારો થાય. મનમાં અકારણ ચિંતા અનુભવાય.**
**સિંહ : (મ.ટ.)આત્મવિશ્વાસમાં વધારો થાય. નાણાંકીય સમસ્યા ઉકેલાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)આવકમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.**
**તુલા : (ર.ત.)પ્રિયજન દ્વારા લાભ મેળવી શકશો. નાણાંકીય વ્યવહાર સચવાઇ જાય.**
**વૃશ્ચિક : (ન.ય.)મનની ચિંતા દૂર થાય. નવિન શુભ સમાચાર મળે.**
**ધન : (ભ.ફ.ધ.) ભાગીદારીથી લાભ થાય. ખોટી ઉતાવળ ન કરવી હિતાવહ.**
**મકર : (ખ.જ.) દિવસ દરમિયાન ઉત્સાહ અનુભવાય. સંતાન દ્વારા લાભ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)મનની ઇચ્છા પૂરી થાય. નાનો ખર્ચનો પ્રસંગ બને.**
**મીન : (દ.ચ.જ.થ.)વાદ-વિવાદ ટાળવું હિતાવહ. આવક-જાવક સરભર રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગુજરાતના યશસ્વી કલાકાર શ્રી પ્રાણલાલ કિરપાશંકર દેસાઈની જન્મજયંતી છે.

તેઓ આમોદ (જિ. ભરૂભ)માં તા. ૧૧/૫/૧૮૮૨ના રોજ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં જન્મ્યા હતા.

મુંબઈ સરકાર તરફથી પ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ સુધારવા માટે નીમેલા કમિશનના તેઓ સભ્ય હતા.

આ વિદ્વાન શિક્ષણશાસ્ત્રીનું ઈ.સ. ૧૯૫૧માં ૭૦ વર્ષની વયે અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૧૧.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ અતિ મહત્વની સપાટી ....!!!**

**તા.૧૦.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૨૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૬૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૬૩ પોઈન્ટ થી ૧૦૭૮૮ પોઈન્ટ, ૧૦૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૦.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૦૫૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૨૫૮૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૧૩૩ પોઈન્ટ થી ૨૬૨૨૬ પોઈન્ટ, ૨૬૨૬૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૨૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ACC લિમિટેડ (૧૪૭૭) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૬૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૫૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૦૩ થી રૂ.૧૫૧૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૫૧૫ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**લાર્સેન લિમિટેડ (૧૩૬૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૫૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૭૪ થી રૂ.૧૩૮૧ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૫૯) :- રૂ.૭૫૦ નો પ્રથમ તેમજ રૂ.૭૪૪ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૭૩ થી રૂ.૭૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ડિવિસ લેબ (૧૧૯૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૦૩ થી રૂ.૧૨૧૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૧૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**મહેન્દ્રા & મહેન્દ્રા (૮૫૭) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૪૪ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૬૪ થી રૂ.૮૭૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૧૯૮૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટર નો આ સ્ટોક રૂ.૧૯૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૯૬૭ થી રૂ.૧૯૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૦૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૮૭૦) :- રૂ.૧૮૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૬૧ થી રૂ.૧૮૫૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૯૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૯૮૧) :- રિફાઇનરી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૯૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૭૩ થી રૂ.૯૬૪ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**હિન્દ પેટ્રો (૩૦૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબઁ જેં ઓઇલ સેકટરનો આ સ્ટોક રૂ.૩૧૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૯૭ થી રૂ.૨૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા મોટર્સ (૩૩૪) :- રૂ.૩૪૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૪૬ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૨૮ થી રૂ.૩૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## રાજયની ગ્રાન્ટેડ ૨૧૩૬ મા., ઉ.મા. શાળાઓમાં આચાર્ય ભરતી પ્રક્રિયા શરૂ

તા.પ્રતિનિધિ થરા

શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા રાજયમાં પ્રાથમિકથી માંડીને કોલેજ કક્ષા સુધી સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાઈનાન્સ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ગ્રાન્ટ ઈન એઈડ શૈક્ષણિક સંસ્થામાં સરકારના નીતિ નિયમાનુસાર મંજુરી મેળવી આચાર્ય શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી થાય છે. જેમાં અવારનવાર નીતિ નિયમો બદલાતા હોય છે. રાજયની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વય - સ્વૈચ્છિક - રાજીનામું - અવસાનના કારણે ખાલી પડેલી આચાર્યોની જગ્યા ઘણા વર્ષોથી યેનકેન પ્રકારના કારણોસર ભરાઈ નથી. પહેલાં જે તે સંસ્થાના કેળવણી મંડળ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજુરીથી આચાર્યની જગ્યા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કાર્યવાહી કરીને ભરી શકતી હતી પરંતુ નવા નિયમોનુસાર એમ.ટાટ પરીક્ષા પાસ કરેલ ઉમેદવાર રાજય સરકાર દ્વારા જાહેરાત આપ્યા મુજબના નિર્ધારીત સમયમાં અરજી કરીને રાજય સરકાર કાર્યવાહી કરી મંડળને અમુક નામો પસંદગીમાં આપશે ને તે રીતે ભરતી કાર્યવાહી કરવાના ભાગરૂપે રાજયમાં કુલ ૨૧૩૬ ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની જગ્યા ખાલી છે જેની ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે ને આગામી નવા સત્રથી જે તે ખાલી જગ્યા પર એમ.ટાટ આચાર્યની નિમણુંક થશે તેવા સંજોગો ઉભા થયા છે જો કોઈ કાયદાકીય વિઘ્ન ઉભું ન થાય તો બનાસકાંઠા જિલ્લામાં ૭૭, પાટણ જિલ્લામાં ૬૧, મહેસાણા ૧૦૭ સાબરકાંઠા ૯૨-૮૫ મહીસાગર ૮૮, અરવલ્લી જીલ્લામાં આચાર્યો ભરાઈ જતાં કેટલી શાળાઓમાં શિક્ષકોની ઘટ ઉભી થશે તે ભરવા માટે પણ સરકાર ઝડપી કાર્યવાહી કરશે તેવું વાલીઓ ઈચ્છી રહ્યા છે.

## હિન્દવાણી રાજપૂત સમાજનું ગૌરવ

પ્રતિ. લવાણા

શ્રી વિદ્યામંદિર, લવાણા શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ અને હિન્દવાણી રાજપુત સમાજના તેજસ્વી તારલાઓ રાજપૂત (પઢાર) અજીતસિંહ ભુરાજી (જેતડા), રાજપૂત (ગોલેતર) જયદિપસિંહ સવજીભાઈ (લવાણા) એ માર્ચ - ૨૦૧૮ માં લેવાયેલ ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા એકલવ્ય સ્કૂલ, પાટણથી બી ગૃપમાં અનુક્રમે ૯૯.૪૬ તેમજ ૯૮.૫૯ સાયન્સ પર્સન્ટાઈલ રેન્ક સાથે પાસ કરી શાળાનું તથા સમાજનું ગૌરવ વધારેલ છે. તેઓ આગળ અભ્યાસ કરી ઝળહળતી કારકિર્દી બનાવે તેવી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો.યુ.કે. રાજપુત તથા સમસ્ત હિન્દવાણી રાજપૂત સમાજ, સમગ્ર શાળા પરિવાર તરફથી ખુબ - ખુબ શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

## પાલનપુર તાલુકા ભારતીય કિસાન સંઘ સમિતિની રચના

પાલનપુર

ભારતીય કિસાન સંઘ પાલનપુર તાલુકાની નવીન સંપૂર્ણ સમિતિની રચના માટે પાલનપુર મથકે મોટી સંખ્યામાં કાર્યકતા ઉપસ્થિત રહેલ જેમાં જિલ્લા પ્રમુખ ભીખાભાઈ ભુટકાના માર્ગદર્શન અનુરૂપ નીચે મુજબની નવીન સમીતીની રચના ૨૦૧૮ થી ૨૦૨૦ સુધી કરવામાં આવી જેમાં પ્રમુખ માવજીભાઈ ગોવિંદભાઈ લોહ, મંત્રી પસાભાઈ કાળુભાઈ પટેલ, પ્રચાર પ્રમુખ હેમરાજભાઈ આહજીભાઈ પટેલ, યુવા પ્રમુખ રાકેશભાઈ રણછોડભાઈ કરપટીયા, સજીવ ખેતી પ્રમુખ ધનરાજભાઈ માવજીભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રભુભાઈ અંબારામભાઈ કરણાયત, સહમંત્રી ગોવીંદભાઈ લખુભાઈ સાળવી તથા સભ્ય પદે પ્રતાપજી મોબતાજી ઠાકોર, ભીખાભાઈ શંકરભાઈ પ્રજાપતિ, ઘેમરભાઈ ગણેશભાઈ ઉપલાણા, હંસરાજભાઈ મગનભાઈ ઈલાસરીયા, રામજીભાઈ ડોહજીભાઈ કાપડી, ભીખાભાઈ હીરાભાઈ ભુટકા, મેઘરાજભાઈ પચાણભાઈ ચૌધરી, મગનભાઈ ગોદડભાઈ વાગદોડા, અબજીભાઈ ઈબ્રાહીમભાઈ ધુણકીયા, અમૃતભાઈ દલાભાઈ પટેલની વરણી કરાઈ હતી.

## અસાસણ સરંપચના પતિનું અકાળે અવસાન

પ્રતિ. લાખણી



લાખણી તાલુકાના અસાસણ ગામના ગતવર્ષે ચૂંટાઈને સરપંચ તરીકે વિજેતા પામેલા ચાવડા કેસાબેનના પતિ ચાવડા તરસંગજી રામચંદજી જેઓની ઉંમર આશરે પંચાવન વર્ષ જેટલી હશે તેમનું તા.૮/૫/૨૦૧૮ ને મંગળવારના રોજ નિધન થવાથી અસાસણ ગામના એક સારા આગેવાનના અવસાનથી ગામમાં તેમજ તેમના સમાજમાં ઘેરાશોકની લાગણી વ્યાપી છે.

## બનાસકાંઠા જિલ્લામાં રોજગાર એપ્રેન્ટીસ ભરતી મેળા યોજાશે

પાલનપુર

રોજગાર અધિકારી (વ્યે.મા.) પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના રોજગાર વાંચ્છુય યુવાનોઓને સવેતન ખાનગી એકમોમાં રોજગારી મળી રહે તે હેતુથી નીચે જણાવેલ વિગતે રોજગાર/ એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન ગોઠવવામાં આવ્યું છે. આ જોબ ફેરમાં ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ તેમના એકમમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે ભરતીમેળાના સ્થળે ઈન્ટરવ્યુ લેવા માટે ઉપસ્થિત રહેશે.

ભરતીમેળાની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, હેલીપેડ પાસે, મુ.મલુપુર ખાતે તા.થરાદ તા.૧૫/૫/૨૦૧૮ સવારે ૧૦/૦૦ ક. તથા સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા ૧, મું.કુંભારીયા તા.દાંતા ખાતે તા.૨૨/૫/૧૮ ૧૦/૦૦ ક. યોજાશે.

આ ભરતીમેળામાં ખાલી જગ્યાઓના પ્રકાર આ પ્રમાણે છે. કસ્ટમર કેર એકઝીકયુટીવ, લાઈન ઓપરેટર, હેલ્પ વર્કર, એપ્રેન્ટીસ ટ્રેઈની વગેરે જેમાં ધોરણ ૧૦ અને ૧૨ પાસ, ગ્રેજયુએટ તથા આઈ.ટી. આઈ. પાસ કરેલ અને ૧૮ થી ૩૦ વર્ષની વયના ઉમેદવારો ઉમેદવારી કરી શકશે. આ જોબફેરમાં ભાગ લેવા ઈચ્છતા બનાસકાંઠા જિલ્લાના ઉમેદવારોને તેમની ઉંમર, જાતિ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલો, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ તેમજ બાયાડેટાની પુરતી નકલો સાથે સવારે ૯/૩૦ વાગે ભરતી મેળાના સ્થળે સ્વરખર્ચે હાજર રહી સમયસર રજીસ્ટ્રેશન કરવા જણાવાયું છે. વધુ સારી રોજગાર સેવાઓ માટે ઉમેદવાર તેમજ નોકરી દાતાઓને રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઈટની મુલાકાત લેવા જણાવાયું છે.

## આંજણા સમાજનો વ્યસન મુક્તિ કાર્યક્રમ વૈડા ગોળીયા (નારોલી) ખાતે યોજાયો



આર.બી.ચૌધરી

પ્રતિ. રાહ

થરાદ તાલુકાના વૈડા ગોળીયુ (નારોલી) ગામે આંજણા સમાજના શિકારપુરા રાજારામ આશ્રમના મહંતશ્રી દયારામજી બાપજીના આદેશ મુજબ શ્રી અખિલ આંજણા ચૌધરી પટેલ યુવા મંડળના ‘જન જાગૃતિ અભિયાન’ની ભવ્ય સફળતા મળી. આ સભામાં ‘જન જાગૃતિ અભિયાન’ અંતર્ગત વ્યસન મુક્ત સમાજ કાર્યક્રમ નારોલી, વૈડાનુગોળીયુ, આજાવાડા, સવપુરા, રતનપુર, રાજકોટ, રાણપુર, કાસવી, ભરડાસર, ઓતરોલ, બેટલીયા, સવરાખા, વાઘાસણ, સેરાઉ ગોળીયામાં યોજાયો ગામના યુવાનો તથા વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં ઉપસ્થિત તમામ લોકોએ વ્યસન મુકત અભિયાનમાં જોડાવવાના સંકલ્પ લીધા તેમજ વેડાનું ગોળીયુ તથા આંતરોલ સમગ્ર ગામ વ્યસન મુકત બનાવવાના સંકલ્પ લીધા. આ સભામાં માંગીલાલ પટેલ તથા મદનલાલ પટેલે આજના જમાનામાં વ્યસન મુકત સમાજની જરૂરિયાત વિશે માર્ગદર્શન આપ્યું. આ સભાનું સંચાલન કરતા મહામંત્રી ધનજીભાઈ પટેલે લોકોને ‘જન જાગૃતિ અભિયાન’‘ના ઉદેશ્યોની ચર્ચા કરી તથા પ્રમુખ વેલજીભાઈ પટેલે લોકોને આ અભિયાનમાં જોડાવવા બદલ આભાર વ્યક્ત કર્યો. આ સભાનું આયોજન આ વિસ્તારના શિક્ષકો તથા યુવાનો દ્વારા કરવામાં આવ્યું જે વડીલોના સમર્થનથી સફળ રહ્યું.

## માહીતી ખાતા દ્વારા પ્રસિધ્ધ કારકીર્દી માર્ગદર્શન - વિશેષાંક - ૨૦૧૮ જિલ્લા માહિતી કચેરી, પાલનપુર ખાતે મળશે

પાલનપુર

માહિતી ખાતા દ્વારા પ્રતીવર્ષ ગુજરાત રોજગાર સમાચાર કારર્કિદી વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે.વિદ્યાર્થીઓને ધોરણ - ૧૦ અને ૧૨ પછી કારર્કિદી ઘડતર માટે કઈ દિશામાં કેરિયર બનાવવી. કઈ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવો તથા કયાં કયાં તેના અભ્યાસ માટે સુવિધા છે તેની સુંદર માહિતી અને માર્ગદર્શન આપતો ગુજરાત રોજગાર સમાચાર કારર્કિદી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૧૮ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ વિશેષાંકની કિંમત રૂા.૨૦ છે. આ અંક મેળવવા જુના સરદાર ગંજની પાછળ, ઈદગાહ રોડ પર આવેલ જિલ્લા માહિતી કચેરી, પાલનપુરનો સંપર્ક કરો. અત્રે ઉલ્લેખનીય છે કે માહિતી ખાતા દ્વારા પ્રતીવર્ષ પ્રકાશિત કરવામાં આવતા આ વિશેષાંકમાં તજજ્ઞ લેખકો દ્વારા સરસ માહિતી આપવામાં આવે છે. આ અંકમાં વ્યક્તિત્વ વિકાસની સાથેઅદ્યતન માહિતી સાથેના કારર્કિદીલક્ષી લેખો સમાવવામાં આવ્યા છે.

## ધાનેરા તાલુકાની સરાલ અને થાવર પે.કે.શાળાને અનુપમ એવોર્ડ



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાલનપુર તથા યુનિસેફ ગુજરાત રાજય આયોજિત અનુપમ જ્ઞાનસત્રમાં ધાનેરા તાલુકાની સરાલ તથા થાવર પે.કે.શાળાને અનુપમ શાળા તરીકેનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે પૂર્વ નિયામક ડૉ.નલિત પંડીત, જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર, યુનિસેફના વડા લક્ષ્મીભવાની મેડમ, પુષ્પાબેન જોષી, ડૉ.જી.એન.ચૌધરી (પ્રાચાર્ય બ.કાં.), પૂર્વ ચેરમેન શિક્ષણ સમિતી બ.કાં. બાબરાભાઈ ચૌધરી, ડૉ.દિપકભાઈ દરજી (જિલ્લા પ્રા.શિ.બ.કાં.) દ્વારા સરાલ તથા થાવર પે.કે.શાળાના આચાર્ય સહિત સમગ્ર શિક્ષકોનું મોમેન્ટો તથા અનુપમ શાળા પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે બ.કાં.જિલ્લાની કુલ ૭૨ સરકારી શાળાના ૯૦૦ જેટલા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગમાં અન્ય શિક્ષણવિદો, તાલુકા પ્રા.શિ.અ., સી.આર.સી., બી.આર.સી.કો.ઑ. પણ ઉપસ્થિત રહ્યા.

## ઉ.ગુ.યુનિ. પાટણ દ્વારા એમ.કોમ. સેમીસ્ટર - ૨ નું ૮૯.૨૯ ટકા પરિણામ




યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ. થરા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા ગત માર્ચ - ૨૦૧૮ માં લેવાયેલ માસ્ટર ઓફ કોમર્સ એમ.કોમ.સેમીસ્ટર ૨ નું પરિણામ ૮૯.૨૯ ટકા જાહેર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

આ પરીક્ષામાં ૬૩૭ પુરુષ ૧૦૩૨ સ્ત્રી પરીક્ષાર્થી મળી કુલ ૧૬૬૯ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૪૯૧ પુરુષ ૯૫૯ સ્ત્રી પરીક્ષાર્થીઓ મળી ૧૪૫૦ પરીક્ષાર્થીઓ પાસ થયા હતા. ૧૨૦ પુરૂષ ૫૪ સ્ત્રી મળી ૧૭૪ પરીક્ષાર્થીઓ નાપાસ ૧૨ પુરૂષ ૦૭ સ્ત્રી મળી ૧૯ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેલ. ડબલ્યુ મીસ્ક ૦૩ પુરૂષ ૦૨ સ્ત્રી મળી કુલ ૦૫ પરીક્ષાર્થીના પરિણામ યુનિ. નિયમ મુજબ રાખેલ. ૧૧ પુરૂષ ૧૦ સ્ત્રી મળી કુલ ૨૧ પરીક્ષાર્થીઓના પરિણામ ૨૬ કરવામાં આવેલ આ પરીક્ષામાં ૬૩૩ જનરલ, ૧૨૯ એસ.સી., ૩૩ એસ.ટી., ૪૩૯ બક્ષીપંચ જાતિના પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૫૫૮ જનરલ, ૧૦૩ એસ.સી. , ૨૮ એસ.ટી., ૩૯૨ બક્ષીપંચ જાતિના પરિક્ષાર્થીઓ પાસ થતાં એમ.કોમ. પાર્ટ - ૨નું પરિણામ ૮૯,૨૯ ટકા જાહેર થયાનું જાણવા મળેલ છે.

## લઘુમતિ જાતીઓની પરંપરાગત કલાને પ્રોત્સાહન આપવા માટે ઉસ્તાદ સન્માન ૨૦૧૮ યોજના

પાલનપુર

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) બનાસકાંઠા પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ભારત સરકારના અલ્પસંખ્યક મંત્રાલય દ્વારા લઘુમતિ જાતિઓની પરંપરાગત કલાને પ્રોત્સાહન આપવા માટે ઉસ્તાદ સન્માન - ૨૦૧૮ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાની વિગતવાર જાહેરાત તા.૨૧/૪/૧૮ ના રોજ દૈનિક સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમજ અલ્પસંખ્યક મંત્રાલયની વેબસાઈટ પર પણ જાહેરાત અપલોડ કરેલ છે. આ યોજના હેઠળ લાભ લેવા ઈચ્છુક લઘુમતિ જાતિના ૩૦ વર્ષથી વધુ ઉંમરના તથા તા.૩૧/૧૨/૨૦૧૭ ના રોજ ૧૦ (દસ) વર્ષનો અનુભવ ધરાવતા કલા કારીગરોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન - ૩૦ માં નિયત નમુનામાં અરજી કરવાની રહેશ. અરજીનો નમુનો અલ્પસંખ્યક મંત્રાલયની વેબસાઈટ પરથી મળી શકશે. તેમજ ભરેલ ફોર્મ જરૂરી આધાર - પુરાવા સાથે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠા પાલનપુરની કચેરીએ નિયત સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.

## જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડા ખાતે ધોરણ ૯ માં પ્રવેશ માટેની પરીક્ષા યોજાશે

પાલનપુર

આચાર્ય જવાહર રોજગાર નવોદય વિદ્યાલય, દાંતીવાડાની ધોરણ - ૯ માં પ્રવેશ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા - ૨૦૧૮ તા.૧૯/૫/૧૮, શનિવારના રોજ સવારના ૧૦/૦૦ કલાકથી બપોરના ૧૨/૩૦ કલાક સુધી યોજાનાર છે જેના પ્રવેશપત્રો પરથી ઓનલાઈન ડાઉનલોડ કરી શકાય છે. આ પરીક્ષા આપતા તમામ પરીક્ષાર્થી પાસે પ્રવેશપત્ર હોવું અનિવાર્ય છે. તેમ આચાર્ય જવાહર નવોદય વિદ્યાલય દાંતીવાડા દ્વારા જણાવાયું છે. આ અંગેની વધુ વિગત માટે જવાહર નવોદય વિદ્યાલય, દાંતીવાડાનો રૂબરૂ કે ફોન પર સંપર્ક કરવા જણાવાયું છે. સંપર્ક માટે ફોન નં. ૦૨૭૪૮ - ૨૭૮૫૧૭ છે.

## ક્ષેત્રપાલ ધામ ખેંટવામાં સંતવાણી યોજાઈ



કંચનજી ઠાકોર

પ્રતિ. ખેંટવા

અતિપ્રાચીન રમણીય દર્શન કરવા લાયક ક્ષેત્રપાલ ધામ ખેંટવા તા.ડીસા ગામે સંતશ્રી માતાજી નર્મદાપુરીજી દ્વારા આઠમા વાર્ષિક મહોત્સવ નિમિત્તે સંતવાણી, ભજન સંતસંગ અને ભોજનપ્રસાદીનું આયોજન દાતા તરફથી રાખવામાં આવેલ તેમાં સંતવાણી અલખ આરાધક સંત રામનાથજી એ પોતાની આગવી શૈલીમાં દાદા ક્ષેત્રપાલના ભજનો, ગુરૂમુખી ભજનો ગાઈ રવિયાણા, ખેંટવા, સોતમલા, જેસંગપુરા, ભાભર, ગાંધીસણ, ભીલડી, ભાભરથી પધારેલ હરિભક્તોને વાણીરસથી તરબોળ કરી દીધા સાથે સંતોના સંતસંગમાં સંતશ્રી રામનાથ, સંતશ્રી વાલજીરામ , દાસભાઈ બાપુ, જગમાલરામ, મહારાજ, ભાટમલ ખાતે સતસંગ કરેલ તેમાં સંગીતવૃદમાં તબલાના તરવૈયા પ્રહલાદ રાજપૂત, બેન્ઝો વાદક મનસુખ મકવાણા, રાવણહથ્થાના બાદશાહ, સાહિત્યકાર રામ વઢિયારીએ વાદ્ય વગાડી મંત્રમુગ્ધ કરેલ ભજનીક રમેશ લિમ્બાચીયાએ ભજનો પણ ગાયા હતા.

## ટ્રાફિક પોલીસને છાશ વિતરણ



મનીષ જોષી

શહેરમાં ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ ખાતાના સરકારી-અર્ધસરકારી કર્મચારીઓને ફરજના સ્થળે નિઃશુલ્ક છાશ વિતરણ રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરયિલ, વડોદરા દ્વારા કરવામાં આવે છે. ફોટોગ્રાફસમાં સ્વામીજી છાશ વિતરણ કરી રહ્યા છે.

# થેરવાડા ધનપુરા રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત : બેને ઈજા



ડીસા

ડીસા તાલુકાના થેરવાડા ધનપુરા રોડ ઉપર ગતરોજ ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ઉપર સવાર દંપતી ઘવાયું હતું. બનાવની વિગત મુજબ ધનપુરા ગામના રમેશભાઈ શિવાભાઈ પરમાર અને તેમના પત્ની બાઈક નં. જી જે ૦૮ એ ૫૨૮૦ ઉપર ખેતરમાં ઘાસ લેવા જતા હતા ત્યારે પાછળથી આવતી ટ્રક નં. જીજે ૩૭ ટી ૨૮૬૩ ના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક ઉપર સવાર દંપતી ઘવાયું હતું. તેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# પાલનપુરના સરીપડામાં વીજ કરંટથી ખેડૂતનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના સરીપડા ગામે બોર ચાલુ કરવા જતાં એક ખેડૂતનું મોત નિપજ્યું હતુ. પાટણ જિલ્લાના સમી તાલુકાના મોટા જામપુરા ગામના જયંતીજી દીવાનજી ઠાકોર (ઉ.વ. ૪૫) પાલનપુર તાલુકાના સરીપડા ગામે ભાગેથી ખેતી કરતા હતા. જેઓ તા. ૩-૫-૧૮ના રોજ રાત્રે બોર ચાલુ કરવા ગયા હતા. તે સમયે વીજ કરંટ લાગતાં તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. આ અંગે ચતરાજી દીવાનજી ઠાકોરે બુધવારે ગઢ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બઢતી બદલ બહુમાન



ડીસાના વતની અને વર્ષોથી ડીસા વેચાણ વેરા કચેરીમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા અનિલાબેન એમ. સોનીને તાજેતરમાં વર્ગ - ૧ ના અધિકારી તરીકે જી.એસ.ટી. આસી. કમિશ્નર પદે ગાંધીનગર બઢતી મળી છે. જે બદલ ડીસા પ્રગતિ અભિવાદન ગૃપ દ્વારા તેમને પુષ્પગુચ્છ, પુસ્તક અને સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે સેલટેક્ષ કમિશ્નર એ.ડી.શાહ, અધિકારી વશરામભાઈ ચૌધરી, કરશનભાઈ તથા ગુપના પ્રમુખ લલિતભાઈ દોશી, રાજુભાઈ ઠક્કર, લાયન્સ પ્રમુખ હિતેશભાઈ સોની, સોની યુવક મંડળના મેહુલ સોની વગેરે હાજર રહ્યા હતા.

# ધો.૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડ ગાંધીનગર દ્વારા ગત માર્ચ ૨૦૧૮માં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા કુલ ૧૪૦ કેન્દ્રો પેટા કેન્દ્રો ઉપર ૧,૩૪૪૩૯ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૧,૩૪,૩૫૨ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૯૮૦૬૭ પરીક્ષાર્થીઓ પાસ થતાં ધો.૧૨ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૨.૯૯ ટકા જાહેર થયું હતું. પરીક્ષા કેન્દ્રો પર સીસી ટીવી કેમેરા કુટેજ અને સ્કવોર્ડ ગેરરીતીઓ પકડાયેલા ૧૨૦ વિદ્યાર્થીઓના પરિણામ રીઝર્વ રાખવામાં આવેલ છે. પરીક્ષા દરમ્યાન સુપરવાઈઝર (શિક્ષકો) કામગીરીમાં નિષ્ક્રીય ઉદાસીન રહ્યા છે. તેઓને નોટીસ આપી તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી કરાશે. સૌથી વધુ પરિણામ ધરાવતા જિલ્લામાં રાજકોટે મેદાન માર્યું છે તો સૌથી ઓછા પરિણામવાળા જિલ્લામાં છોટા ઉદેપુર અકબંધ રહ્યો છે. સૌથી વધુ પરિણામ મેળવનાર પરીક્ષા કેન્દ્રમાં ગત સાલના ગોંડલને પછાડી ધ્રોલે મેદાન માર્યું. ૧૦૦ ટકા પરીણામ લાવનારી શાળામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગત ૨૦૧૭ માં ૧૧૮ શાળાઓ હતી જ્યારે આ વર્ષે ૨૦૧૮ માં ૪૨ જ રહી છે. શિક્ષણમાં સુધારો આવ્યો હોય તેમ ગત સાલ કરતાં ૧૦ ટકાથી ઓછું પરિણામ લાવનારી શાળાઓની સંખ્યા ઘટી છે. ગત સાલ ૨૦૧૭ માં ૪૪ હતી જે આ વર્ષે ૨૦૧૮ માં ૨૬ એ વનગ્રેડ ૧૩૬, એટુ ૨૮૩૮, આ પરીણામમાં ૭૧.૮૪ ટકા વિદ્યાર્થીઓ તથા ૭૪.૯૧ ટકા વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. ગુજરાતી માધ્યમનું ૭૨.૪૫ ટકા, જ્યારે અંગ્રેજી માધ્યમનું પરિણામ ૭૫.૫૮ ટકા રહ્યું હતું. એ ગૃપમાં ૭૭.૨૯, બી ગૃપ ૬૯.૭૭ તથા એબી ગૃપમાં ૬૧.૧૧ ટકા પરીક્ષાર્થીઓ પાસ થયા છે. ત્રણ વિષયમાં નાપાસ થનાર પરીક્ષાર્થીઓની સંખ્યા ૧૮૨૬૦ છે.

**જિલ્લાનું કેન્દ્રવાઈઝ પરિણામ**

બનાસકાંઠા જિલ્લામાં ડીસા કેન્દ્ર ૫૬.૬૫, ધાનેરા ૭૬.૮૪, પાલનપુર ૭૭.૮૮ ટકા, થરાદ ૬૭.૮૯, ભાભર ૭૨.૧૬ ટકા પરીણામ જાહેર થયેલ.બનાસકાંઠા જિલ્લામાં ૧૦ પરીક્ષાર્થીઓએ ગેરરીતિ કેસમાં આવતાં તેમનાં પરિણામ રીઝર્વ રાખેલ છે.

# ગુજરાતમાં હવે આગઝરતી ગરમી : પારો ૪૪ ડીગ્રી

અમદાવાદ

અમદાવાદમાં આજે આગઝરતી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. પારો ૪૩.૩ સુધી પહોંચી ગયો હતો. ગાંધીનગરમાં પણ પારો ૪૩ રહ્યો હતો. આજે રાજયના અનેક ભાગોમાં પારો ૪૩થી ઉપર પહોંચ્યો હતો જયારે સુરેન્દ્રનગરમાં ૪૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આગામી બે દિવસ દરમિયાન તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થઇ શકે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગો તથા ઉત્તર ગુજરાતમાં પારો ૪૧થી ૪૩ની વચ્ચે રહી શકે છે. આજે જે વિસ્તારોમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદ, ગાંધીનગર, ઈડર, અમરેલી, કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી વધુ તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ લોકો ગરમીથી બચવા બિનજરૂરી બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. બિનજરૂરી રીતે ગરમાંથી બહાર ન નીકળવા લોકોને તંત્ર દ્વારા સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી હિટવેવને લઈને કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. વધતી ગરમી વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# વડાવળ ગામન એપ્રોચ રોડ પર માટી પથરાતા વાહન ચાલકો પરેશાન

**રેલ્વે કોન્ટ્રાક્ટરના ઓવરલોડ ચાલતા ડમ્પરોથી રોડની દશા બગડી**



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામમાં જવા માટે હાઈવે પરથી ૩ કિલોમીટરનો એપ્રોચ રોડ આવેલ છે. ત્યારે રોડ પર સાઈડોથી માટી આવી જતાં રસ્તા પર અનેક જગ્યાએ માટીના થર જામ્યા છે. જેના લીધે વાહન ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. જેમાં ખાસ કરીને ટુ વ્હીલર સાધનો રેતીમાં સ્લીપ ખાઈ જવાના બનાવો બની રહ્યા છે. ગામના એપ્રોચ રોડ પરથી રેલ્વે કોન્ટ્રાક્ટરના ઓવરલોડ ડમ્પરો રેતી કપચી વગેરે ભરીને જતાં રોડ પણ તુટી જવા પામ્યો છે સતત વાહનોની ધમધમતા એપ્રોચ રોડ પર ખુલ્લી માટી ધુળ આવી જતાં અનેક જગ્યાએ વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. રેલ્વે ડબલલાઈનનું કામકાજ ચલુ હોવાથી ડમ્પરો પણ ઓવરલોડ માલ ભરીને દોડતા હોવાથી રસ્તા પર પણ માટી પડતી હોય છે. જેથી કરીને પણ એપ્રોચ રોડની દશા બગડી છે. વડાવળ હાઈવેથી ગામ સુધી એપ્રોચ રોડની પેવર કરવાની મંજુરી પણ મળી ગઈ છે. ત્યારે રોડ પરની તથા સાઈડો પર માટી હટાવવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી છે.

# થરાદમાં પાણીપુરવઠાની તૂટેલી લાઈનમાં જીપડાલુ ફસાતાં દોડધામ

**સતત છઠ્ઠા દિવસે પણ પાણીનો વેડફાટ યથાવત, તંત્ર બેદરકાર**



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના ચાર રસ્તા પાસે સતત છ દિવસથી પાણી પુરવઠાની લાઈનમાં ભંગાણ પડવાના કારણે અવિરત હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે. પરંતુ પાણી પુર વિભાગની તેને પૂર્વવત કરવાની બેદરકારી જોવા મળી રહી છે જેની વચ્ચે ગુરુવારની સવારના સુમારે એક જીપડાલુ તેમાં ફસાઈ જવા પામ્યું હતું. જેને બહાર નીકળવા ભારે મહેનત કરવી પડી હતી.આથી આમપ્રજા તથા વાહનચાલકોમાં પાણી પુરવઠા તંત્રની લાપરવાહીને લઈને રોષની લાગણી ફેલાયેલી જોવા મળી હતી. ધોળા દિવસે જીપડાલુ ફસાતા તેમની ભારે હાલત થવા પામી હતી જો કદાચ રાત્રિના સુમારે કોઈ વાહનચાલક દ્વિચક્રી વાહન ચાલક અથવા તો કોઈ રાહદારીનો પગ તેમાં પડવાથી ગંભીર દુર્ઘટના પણ સર્જાવાની દહેશત પણ આજુબાજુના વેપારીઓમાં ઉઠવા પામી હતી.

# વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, ડીસાનો વિદ્યાર્થી ધોરણ - ૧૨ સાયન્સમાં ડીસા કેન્દ્રમાં પ્રથમ

ડીસા

ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલ પરિણામમાં ડીસા શહેરની જાણીતી સ્કૂલ વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સનો વિદ્યાર્થી પટેલ ગુંજન જયેશભાઈ ૯૯.૬૭ પી.આર. સાથે ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાને આવી જવલંત સફળતા મેળવી છે તેની સાથે આજ વિદ્યાર્થીએ ગુજકેટની પરીક્ષામાં પણ ૧૨૦ માંથી ૧૦૬.૭૫ માર્કસ અને ૯૯.૭૮ પી.આર. મેળવી ડીસા કેન્દ્રમાં પ્રથમ સ્થાને રહ્યો છે. આ ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ પટેલ અનુજા નરેશભાઈ ૯૯.૧૨ પી.આર., ચૌહાણ ભાવિક ગીરીશભાઈ ૯૮.૯૩ પી.આર., નંદરામાણન રજની યશવંતભાઈ ૯૮.૫૭ પી.આર., નંદરામાણન દિવ્યા કમલકુમાર ૯૫.૧૬ , ઠકકર જય કમલેશભાઈ ૯૪.૪૯ પી.આર., ભાકોદરા શીવરામ રૂપસિંહજી ૯૩.૬૦ પી.આર., ભોજવાણી પ્રવિણ જીતેન્દ્રભાઈ ૯૧.૫૮ પી.આર., સોલંકી મહેન્દ્ર પરેશભાઈ ૯૧.૪૪ પી.આર., ગોઠડિયા અરવિંદ મુકેશજી ૯૧.૪૩ પી.આર., મોઢ ધ્રુવિલ કમલેશકુમાર ૯૦.૧૬ સાથે ૧૧ વિદ્યાર્થીઓએ ૯૦ કરતાં વધારે પી.આર. મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જવલંત સિધ્ધિ પ્રાપ્ત કરનાર વિદાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# મગફળી આગ : સેમ્પલ રિપોર્ટ બાદ કોઇ તારણો બાંધી શકાશે

અમદાવાદ

રાજકોટના શાપર-વેરાવળ હાઈવે પર આવેલા મગફળીના ગોડાઉનમાં લાગેલી આગના ચકચારભર્યા પ્રકરણમાં સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી દીપાંકર ત્રિવેદીએ સ્પષ્ટ કર્યું હતું કે, સમગ્ર કેસની તપાસ અને સેમ્પલીંગ પછી રિપોર્ટ રજૂ કરવા માટે તમામ એજન્સીઓને પંદર દિવસનો સમય આપવામાં આવ્યો છે અને તેથી રિપોર્ટ બાદ જ કોઈ ચોક્કસ તારણ પર પહોંચી શકાશે. હાલના તબક્કે કોઈના પર દોષારોપણ કરવું યોગ્ય નહી કહી શકાય. જો કે, તેમછતાં સીઆઈડી ક્રાઈમ દ્વારા બહુ અસરકારક રીતે મામલાની તપાસ હાથ ધરાઈ રહી છે. શાપર ખાતેના મગફળીના ગોડાઉનમાં તા.૬ઠ્ઠી મેએ લાગેલી ભયંકર આગમાં રૂ.સાડા ત્રણ લાખથી વધુની મગફળી બળીને ખાખ થઈ ગઈ હતી, હાલ ગોડાઉન ખાતે કુલીંગની પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી દીપાંકર ત્રિવેદીએ એક પત્રકાર પરિષદમાં કેસ સંબંધી મહત્વની વાતોનો ખુલાસો કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ કેસમાં હાલના તબક્કે કોઈના પર દોષારોપણ કરવું યોગ્ય નહી લેખાય. સ્થાનિક ગુનાઓમાં સીઆઈડી ક્રાઈમ ડાયરેક્ટ તપાસ નથી કરતી, જેથી રાજકોટ ઝોનના ડીવાય એસપીની આગેવાનીમાં તપાસ થશે. હાલમાં સેમ્પલિંગનું કામ ચાલું છે. તમામ એજન્સીઓને સેમ્પલિંગ પછી રિપોર્ટ સમબમીટ કરવા માટે ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. જયાં સુધી સેમ્પલિંગ અને ચેકિંગનો સવાલ છે તો તે રેન્ડમલી કરાશે. આગ શાથી લાગી તેના મૂળ કારણ અંગેની તપાસ એફએસએલ કરશે. એફએસએલના અધિકારીઓ હવે સેમ્પલિંગ કરશે. હાલમાં એસપીની તપાસ ચાલું છે. સીઆઈડી ક્રાઈમ પોલીસ, એફએસેલ સહિતની તપાસ એજન્સીઓ અને એગ્રીકલ્ચર યુનિવર્સિટીના અહેવાલ પછી કોપ અપ કરશે. બનાવના દિવસે ફાયર બ્રિગેડને સાંજે સાત વાગે જાણ થઈ અને પછી પોલીસને જાણ થઈ. ફાયરબ્રિગેડના કર્મચારીઓ દ્વારા આગ ઓલવવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે સરાહનીય છે. ગોંડલમાં મગફળીના ગોડાઉનમાં લાગેલી આગ ઘણાં દિવસો પછી કાબૂમાં આવી હતી. જયારે અહીં પ્રમાણમાં ઝડપથી આગ પર કાબૂ મેળવી લેવાયો છે. તેમણે ઉમેર્યું કે, શાપરના ગોડાઉનમાં લાગેલી આગમાં જામનગરની મંડળીઓની મગફળી હતી.

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠા જિલ્લામાં પુરજોશમાં ચાલી રહેલ જળસંચયના કામો

**તા.૯ મે સુધીમાં ૧૬૪૨ કામો શરૂ થયા અને ૫૯૭ કામો પુર્ણ થયા**

પાલનપુર

નદી - નાળાં મારફત દરિયામાં કે રણમાં વહી જતા વરસાદના પાણીને રોકવા સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન વિશાળ પાયે હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે તા.૧ થી ૩૧ મે ૨૦૧૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કુલ - ૫૩૮૯ કામો કરવાનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંગીન આયોજન કરવામાં આવ્યું છે. સુજલામ સુફલામ જળ સંચય અભિયાનના નોડલ ઓફીસર અને કાર્યપાલક ઈજનેર સિપુ યોજનાની કચેરી ડીસા તરફથી મળેલી માહિતી અનુસાર તા.૯ મે સુધીમાં જિલ્લામાં કુલ - ૧૬૪૨ કામો શરૂ કરવામાં આવ્યા છે. તેમજ ૫૯૭ કામો પૂર્ણ થયા છે.

આ અભિયાન દ્વારા તળાવો ઉંડા કરવા, તળાવ ડિસીલ્ટીંગ અને તળાવ સુધારણાના કામો, ચેકડેમ ડિસીલ્ટીંગ, આડબંધ સુધારણા, ખેત તલાવડી, માટી પાળા અને બંધપાળાના કામ, નદીને પુનઃ જીવીત કરવાની કામગીરી, વન તલાવાડી રિપેરીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કેનાલ કિલનીંગ, જુથ યોજનાના એરવાલ્વ રિપેરીંગ કરવા જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના નગરપાલિકા વિસ્તારોમાં પણ તા.૯ મે સુધી કુલ - ૧૯ કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમા સૌથી વધુ ૧૧ કામો પાલનપુર નગરપાલિકા દ્વારા શરૂ કરાયા છે. બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓના ૨૮૯ ગામોમાં જળસંચયના ૧૬૨૩ કામો શરૂ કરાયા છે. જેની તાલુકાદીઠ વિગત આ પ્રમાણે છે. પાલનપુર - ૧૫૪, ડીસા - ૧૨૮, થરાદ - ૨૪૫, ભાભર - ૧૧૮, ધાનેરા - ૭૭, કાંકરેજ - ૬૮, લાખણી - ૫૩, વડગામ - ૯૩, વાવ - ૧૯૪, સૂઈગામ - ૧૨૭, અમીરગઢ - ૭૫, દાંતા - ૧૩૦, દાંતીવાડા - ૧૦૯ અને દિયોદર તાલુકામાં ૫૨ કામો ચાલી રહ્યા છે.

**જળસંચયના કામોથી ભૂગર્ભ જળસ્તર ઉપર આવશે**

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન અનુસાર રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાનથી વરસાદના વહી જતા પાણીને તળાવો અને ચેકડેમોમાં તથા જળાશયોમાં સંગ્રહ કરવાથી વિરાટ પ્રમાણમાં વરસાદના પાણીનું જળ સંચય થશે. ઠેરઠેર તળાવો, ચેકડેમો, ખેત તલાવડીઓ પાણીથી છલોછલ ભરાતાં તે વિસ્તારના ભૂગર્ભ જળ ભંડાર સમૃધ્ધ બનશે. જેનો ફાયદો વિશેષ કરીને ખેડૂતો અને પશુપાલકોને વધુ થશે. પાણીના પ્રશ્નનું કાયમી નિરાકરણ લાવવા આ અભિયાન આશીર્વાદરૂપ નિવડશે.

# પાલનપુર ખાતે ઓવરબ્રિજ કામ ચાલુ હોવાથી માનસરોવર પાસેનો વાહન વ્યવહાર ડાયવર્ટ કરાયો

પાલનપુર

પાલનપુર માનસરોવર પાસે આવેલ એલ.સી.નં. ૧૬૬ કિ.મી. ૬૫૧/૨-૩ ની ઉપર ઓવરબ્રિજ બાંધવાનું કામ ચાલુ હોવાથી પાલનપુર શહેરનો માનસરોવર પાસેનો વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા સંદીપ સાગલેએ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) અંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામુ પ્રસિધ્ધ કરી તા.૧૬/૪/૨૦૧૮ થી ૯૦ દિવસ માટે મોજે પાલનપુર શહેરનો માનસરોવર પાસેનો વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા અને તેના વિકલ્પો આર.ટી.ઓ. સર્કલથી અંબાજી હાઈવે તરફ મંડોરા નર્સરીની સામે ઈશ્વરલાલ ગૌશાળા પાસેથી જમણી તરફ વળી શીવનગર - રામણી સ્કુલ - ગુરૂકુંજ બંગલો - લક્ષ્મણટેકરી થઈને માનસરોવર રોડ પર પસાર થવા હુકમ કર્યો છે.

આ હુકમ તા.૧૬/૪/૨૦૧૮ થી ૯૦ દિવસ માટે અમલમાં રહશે. સદરહું પ્રતિબંધનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

# દાંતા તાલુકાની ધામણી નદીને પુનઃ જીવીત કરવા કુલ ૯ કામનો પ્રારંભ

પાલનપુર

પ્રોજેક્ટ ડાયરેકટર, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ, બનાસકાંઠા - પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે તા.૧/૫/૨૦૧૮ મંગળવારના રોજ જિલ્લાના જળસ્ત્રાવ વિકાસ એકમ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત આયોજીત બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ ધામણી નદીને પુનઃ જીવીત કરવા કુલ ૯ વિવિધ કામનો પ્રારંભ થયો છે.

નાની ટુંડીયા મુકામે નવિન ચેકડેમ - ૩ નું ખાતમુહૂર્ત જળસ્ત્રાવ વિકાસ સમિતિ નાની ટુંડીયાના અધ્યક્ષ મોહનભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચોરાસણ મુકામે જળસ્ત્રાવ વિકાસ સમિતિના અધ્યક્ષ ગમાર મકાભાઈના હસ્તે બંધપાળાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દલપુરા મુકામે ચેકડેમ - ૩ નું ખાતમુહૂર્ત જળસ્ત્રાવ વિકાસ સમિતિના અધ્યક્ષ નાગજીભાઈ વિરમાભાઈ કોદરવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આમ ધામણી નદીને પુનઃ જીવીત કરવા કુલ ૯ કામોના પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે યોજાયેલ જાહેર સભામાં વક્તાઓએ જળસંચય માટે સહભાગી બનવા લોકોને વિસ્તૃત સમજ અને જાણકારી આપી સહભાગી બનવા જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના પ્રોજેકટ ડાયરેકટ એન.એમ. ભટોળ રેજ ફોરેસ્ટ ઓફીસર સ્વછપ્રોલ પટેલ, ગીરીશભાઈ વારેચા, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના એમ.ટી.ડી.સી.એમ લતાબેન સાધુ, વોટર શેડ ટીમના સભ્યો, સરપંચો તથા વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયભરના દારૂના કેસોનો ડેટા આપવાનો કોર્ટનો હુકમ

અમદાવાદ

રાજયમાં વધતા જતા દારૂના દૂષણ અને દારૂના કેસોમાં બુટલેગરોને છાવરતી સરકાર અને પોલીસ તંત્રની ભૂમિકાને લઈ ગુજરાત હાઈકોર્ટે ભારોભાર નારાજગી વ્યકત કરી લાલ આંખ કરી છે. હાઈકોર્ટે રાજય સરકારને રાજયભરના પોલીસ સ્ટેશનમાંથી દારૂના તમામ કેસોની વિગતો જિલ્લાવાર રજૂ કરવા આદેશ કર્યો છે. છેલ્લા એક વર્ષમાં એટલે કે, તા. ૧-૫-૧૭ થી ૧-૫-૧૮ સુધીમાં દરેક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર, કેસ નંબર, ગુનો નોંધ્યા તારીખ, આરોપી ભાગી ગયો તેનું નામ, પોલીસે રેડ પાડી તે સ્થળ, દારૂ કયા વાહનમાંથી પકડાયો તેનો વાહન નંબર સહિતની તમામેતમામ ઝીણવટભરી વિગતો સાથેનો અહેવાલ રજૂ કરવા સરકારને હાઈકોર્ટે ફરમાન કર્યું છે. આગામી તા.૩૦મી જૂન સુધીમાં સરકારને આ તમામ વિગતો સાથેનો અહેવાલ કોર્ટમાં રજૂ કરવા હાઈકોર્ટે સ્પષ્ટ તાકીદ કરી છે. હાઈકોર્ટે પોલીસતંત્રની ગંભીર ટીકા અને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, પ્રોહીબીશનના કેસો સામે પોલીસની ભૂમિકા શોભાના ગાંઠિયા સમાન પ્રતીત થઈ રહી છે અને તેથી હવે સમગ્ર સીસ્ટમને મોનીટરીંગ કરવાનું જરૂરી બન્યું છે. પ્રોહીબીશનના કેસો અંગેની સ્થિતિને હાઈકોર્ટે સરકાર અને પોલીસ સત્તાવાળાઓની આકરી ટીકા કરતાં જણાવ્યું હતું કે, રાજયમાં દારૂના કેસોમાં ઘણા લાંબા સમયથી ડીઝાઈનર એફઆઈઆર કરવામા આવી રહી છે અને તેની સામે સરકારના આંખ આડા કાન કરવાથી હવે દરેક પોલીસ સ્ટેશનમાં હવે આવી ફરિયાદનો રિવાજ થઈ ગયો છે. પોલિસ બુટલેગરોના સ્થાને રેડ પાડે તે પહેલા તમામ બુટલેગરો ભાગી જ જાય? આ રીતે લોકોને મુરખ બનાવતી પોલીસ તદ્દન નિષ્ફળ સાબિત થઈ છે પરતું હવે આવા રિવાજો બનેલી સિસ્ટમને મોનીટરીંગ કરવાનો સમય પાકી ગયો છે. પ્રોહીબીશનના કેસોમાં નિષ્કિય પોલીસ સામે પણ પગલા લેવાનો સમય પાકી ગયો છે. પ્રોહીબીશનના કેસ સામે શોભાના ગાંઠિયા સમાન બની ગયેલી પોલીસ પાસેથી તમામ વિગતો રજૂ કરવા હાઈકોર્ટે સરકારને મહત્વનો હુકમ કર્યો છે.

અનુસંધાન પાના નં.૬

**ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જન શિક્ષણ સંસ્થાન બનાસકાંઠા દ્વારા**

# પાલનપુર અને દાંતા મુકામે આજીવિકા દિવસની ઉજવણી

પાલનપુર

ડાયરેકટર જન શિક્ષણ સંસ્થાન બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જન શિક્ષણ સંસ્થાન બનાસકાંઠા દ્વારા તા.૫ મે ના રોજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના હોલમાં પાલનપુર ખાતે અને તા.૭ મે ના રોજ દાંતા તાલુકાના સોળસંડા મુકામે આજીવિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

પાલનપુર ખાતે તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં તાલુકાના સખીમંડળની બહેનોને સહાયના ચેકો, રિવોલ્વીગ ફંડના ચેકો, કેશક્રેડીટ, જે.એસ.એસ. ના તાલીમાર્થીને પ્રમાણપત્ર, મુદ્રાલોનના લાભાર્થીને ચેક તેમજ ડીડીયુજીકેવાયના તાલીમાર્થીને નોકરીના ઓર્ડર વિતરણ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ડો. બાબા સાહેબની જન્મજયંતિ તા. ૧૪ એપ્રિલથી તા.૫ મે સુધી બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ના.જિલ્લા વિકાસ અધિકારી, ડી.આર.ડી.એ, સી.એમ.મકવાણા, લીડ બેંકના મેનેજર, એન.જી.ઓ.ના ડાયરેકટર, લાભાર્થીઓ અને સારી સંખ્યામાં સખીમંડળની બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ઘટવા પાછળ સરકાર દોષિત

અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ જાહેર થયેલા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનાં પરિણામમાં આંચકારૂપ માહિતી સામે આવી છે. છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આ વર્ષે આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૯ ટકા જેટલું પરિણામ ઘટ્યું છે. આ મુદ્દે ગુજરાત કોંગ્રેસનાં પ્રવક્તા ડો.મનિષ દોશીએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ઘટવા પાછળ રાજયમાં ગણિત-વિજ્ઞાનનાં શિક્ષકોની ઘટ, દિશાવિહિન વિભાગ અને રાજયમાં ફાટી નિકળેલા કોચિંગ કલાસ મુખ્યત્વે જવાબદાર છે. પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો.મનીષ દોશીએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં આવેલા ઘટાડા અંગે સરકારને નિશાન બનાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આવવા પાછળ શિક્ષણ વિભાગની ઉદાસીનતા કારણભૂત છે.

અનુસંધાન પાના નં.૬

**જાહેર નોટીસ**

**આદર્શ કો.ઓપ.બેંક લિ.ની આર.એમ.બ્રાન્ચ ડીસાના ડીફોલ્ટર ભરતકુમાર મહાદેવભાઈ ભોલાતર (બારોટ) નું મોજે ભોયણ ડીસા રે.સ.નં.૬/૧, ૭૩/ક્ષેત્રુંજય રેસીડેન્સી ક્ષેત્રફળ ૯૧.૧૨ ચો.મી. (૯૮૦ ચો.ફૂટ) વાળી મિલ્કતની જાહેર હરાજી તા.૨૭/૪/૧૮ ના રોજ અપસેટ રૂા.૯,૭૮,૫૦૦ મુજબ રાખેલ હતી. સદર હરાજીમાં કોઈ જ ઈસમે ભાગ ન લેતા, સદર હરાજી દિન - ૮ માટે લંબાવતા સદર મકાન અપસેટ કિંમત કરતાં ઓછી ઓફર રૂા.૮,૨૫,૦૦૦ અંકે રૂપિયા આઠ લાખ પચ્ચીસ હજાર પુરાની આવેલ હોઈ સદર મિલ્કત રૂા.૮,૨૫,૦૦૦ થી વધુ કિંમતે કોઈ ઈસમને રસ હોય તો દિન - ૭ માં રૂા.૧,૦૦,૦૦૦ અંકે રૂપિયા એક લાખ ડીપોઝીટ સાથે લેખીત ઓફર આપવા વિનંતી છે.**

**આદેશથી**
**આદર્શ કો.ઓપ.બેંક લી.**
**આર.એમ.બ્રાન્ચ ડીસા**
**મો.૯૪૨૮૮૨૭૪૮૧, ૯૪૨૮૮૨૭૪૮૫**

# તંત્રી સ્થાનેથી ...

**શ્રધ્ધા અને વિશ્વાસના સંયોગ દ્વારા મનમાં પ્રસન્નતાનો જન્મ થાય છે...**

## કાશ્મીરમાં ટુરિસ્ટો પર થતા હુમલા અંગે કડક નીતિ જરૂરી

કાશ્મીરમાં આંતકવાદીઓ વિરૂધ્ધ સુરક્ષા જવાનો ભારે હિંમતથી જે કાર્યવાહી કરે છે તેમાં રોડા નાંખવાનો પ્રયાસ કાશ્મીરના ખાસ કોમના યુવાનો કરી રહ્યા છે. માતા - પિતાના સંસ્કારના આભાવે કાશ્મીરના યુવાનો કયા માર્ગે જઈ રહ્યા છે. તે એક સવાલ સૌ કોઈ ભારતીયોને સતાવી રહ્યો છે. સુરક્ષાદળોના ઓપરેશનમાં એક પ્રકારની અડચણ ઉભી કરવાનો પ્રયાસ આજકાલનો નથી પણ ઘણા સમયથી થઈ રહ્યો છે. આ સંદર્ભે યુવાનોને સમજાવવાના રાજય સરકારના પ્રયાસો નિષ્ફળ નિવડયા હોવાનું પણ માની શકાય.

આતંકવાદીઓ ગમે તે ઘડીએ મોતને હવાલે થવાના છે પરંતુ સાથે સાથે કાશ્મીરના યુવાનો તેમને બચાવવા જે પત્થરબાજી ચલાવી રહ્યા છે તે બાબતે ખુદ સરકારે કડક બનવાની જરૂર છે, કાશ્મીર સરકારથી કઈ જ વળી શકશે નહિં તે પણ હકીકત છે. તાજેતરમાં કાશ્મીરમાં ટુરિસ્ટોની અવર જવર ચાલુ જ હોય છે ત્યારે તામિલનાડુનું એક પરિવાર કાશ્મીરમાં ફરવા માટે રજાઓ ગાળવા આવેલું ત્યારે પત્થરબાજોની વચ્ચે આવી જતાં તામિલનાડુનો એક યુવાન ભોગ બન્યો હતો. આમ વધુ પતિ ગયા પછી હંમેશની જેમ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુક્તિ અને વિપક્ષી નેતા ઓમર અબ્દુલ્લાએ તામિલનાડુના યુવાનના મોતની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હોવાનું પણ કહેવાય છે.

ટુરિસ્ટો પર હુમલા થાય તે ચલાવી લેવાય નહિ, આ બાબતની પ્રવાસન પર સીધી અસર થઈ શકે છે. મૂળ હકીકત એ છે કે યુવાનો પત્થરબાજી કરી રહ્યા છે. તેમની સામે કાનૂની કાર્યવાહી શા માટે થતી નહિ હોય - આંતકવાદીઓને પડખે ઉભા રહીને જે યુવાનો તેમને જવાનો પર પત્થરબાજી કરીને બચાવી રહ્યા છે તે બાબતે હવે એક જ રસ્તો છે, પત્થરબાજો વિરૂધ્ધ કડક નીતિ હાથ ધરી તે લોકોને જેલ હવાલે કરવા જોઈએ. અને જામીન માટે અરજી કરે તો તે અરજી સરકારે ફગાવી દેવી જોઈએ. ભારતીય સુરક્ષાદળો પર પત્થરબાજી કરીને ત્યાંના યુવાનો શું પ્રાપ્ત કરવા મથી રહ્યા છે. તે પણ સમજાતું નથી.જ્યારે કાશ્મીર વિવાદ ઉકેલવા સરકાર પ્રયાસો કરી રહી છે. ત્યારે કાશ્મીરના યુવાનો આતંકવાદીઓને સાથ આપીને પોતાની જે નીતિ અખત્યાર કરી રહ્યા છે તે કોઈપણ ભોગે ચલાવી લેવાય નહિ. કાશ્મીરના વિકાસ માટે અને ત્યાં સંપૂર્ણ શાંતિ સ્થપાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા નાણાંની રેલમછેલ કરવામાં આવી હોવા છતાં પણ સુધારો ન થતો હોય તો કાશ્મીરના યુવાનોને હવે ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવું જોઈએ. છેલ્લા દોઢ - બે વર્ષથી પત્થરબાજી કરતા યુવાનોને પકડી પડાય છે પરંતુ તેમને માફ કરીને ત્યાંની સરકારે તે યુવાનોને જેલ મુક્ત કરે છે તે મુક્તિ સરકારની ભુલ કહેવાય, યુવાનોને સુધરવું જ ન હોય તો મુક્તિ શા માટે યુવાનોના માતા - પિતા તેમના અળવિતરાં પુત્રોને સમજાવી શકતા નહિ હોય ? કાશ્મીરમાં વસતા લોકોનું ગુજરાન પ્રવાસન ઉપર ચાલતું હોય છે ત્યારે પોતાની યુવાશક્તિને આતંકીઓ માટે વાપરનારા યુવાનોએ આત્મમંથન કરવું જોઈએ. અને સરકારે જ તેમના માતા - પિતા સાથે પરામર્શ બેઠક યોજવી જોઈએ. યુવાનો જો જવાનોની ગોળીનો ભોગ ન બને તે માટે સ્થાનિક લોકોએ ત્યાંના યુવાનો સમજાવવાના પ્રયાસો કરવા જોઈએ નહિ તો આતંકવાદીઓની જમે ગમે ત્યારે યુવાનો ભોગ બનશે તે વાત ચોક્કસ છે.

## સિલિકોન સોલર સેલ કરતા સસ્તા સોલર સેલ બનવવામાં મળી સફળતા



મનીષ જોષી

વડોદરા

દેશમાં હાલમાં વિદેશી રો મટિરિયલથી તૈયાર કરાયેલા સિલિકોન સોલર સેલથી જ સૂર્ય ઉર્જા ઉત્પન્ન થાય છે.જે પ્રમાણમાં ખર્ચાળ છે. ત્યારે આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના સંશોધકોને કાર્બનિક કેમિકલ આધારિત અને વાદળછાયા , ઓછા સૂર્ય પ્રકાશમાં પણ સ્વદેશી રો મટિરિયલથી જ બનતા સૅલથી સૂર્ય ઉર્જા ( વીજળી ) ઉત્પન્ન કરવામાં સફળતા મળી છે.

આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગના ડો. સૌરભ સોની એ આ અંગે કહ્યું હતુ કે અમારી ટીમે વર્ષ ૨૦૦૯ થી આ દિશામા સંશોધનનો પ્રારંભ કર્યો હતો. કારણ બજારમાં મળતા વિદેશી રો મટિરિયલથી બનતા સિલિકોન પ્રમાણમાં મોંઘા પડે છે. જ્યારે આધુનિક કક્ષાના કાર્બનિક કેમિકલ આધારીત ડાય સેન્સિટાઇઝડ સોલાર સેલ કે જે વાદળછાયા વાતાવરણ અને ઓછા સૂર્ય પ્રકાશમાં પણ ઉર્જા આપે છે. સ્વદેશી રો મટિરિયલથી જ બનતા સૅલ હોવાથી હાલના સિલિકોન કરતા ૫૦ ટકા ખર્ચે વીજળી ઉત્પન્ન થશે.

આ સેલની વિશેષતા છે કે તેને છત ઉપરાંત દીવાલ , બારી , બારણા , અને કપડા પર લગાવી શકાય છે. અને અલગ અલગ કલરમાં હોવાથી ડેકોરેટીવ લાગે છે.જો કે હાલના ઉપલબ્ધ સેલ કરતા તેની આવરદા એક વર્ષ ઓછી હોવાનુ તેઓએ ઉમેર્યુ હતુ.પરંતુ આ પ્રકારના કેમિકલ પ્રથમ વાર ઉપયોગમાં લેવાયા હોય આ સંશોધનને ઈન્ડિયન પેટન્ટ ઓફિસ દ્વારા પેટન્ટ પણ આપવામા આવ્યા છે. ત્યારે આ સેલનો સમાજને ફાયદો મળે તે માટે ગુજરાત સરકાર અને ઉધોગકારો સાથે વાટાઘાટો થઈ રહી હોવાનું પ્રો. શિરિષ કુલકર્ણીએ જણાવ્યુ હતુ.આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના સંશોધકોએ વાદળછાયા વાતાવરણ અને ઓછા સૂર્ય પ્રકાશમાં પણ સૂર્ય ઉર્જા ઉત્પન્ન કરી શકે તેવા સેલ બનાવવામાં સફળતા મેળવી છે. સ્વદેશી રો મટિરિયલથી જ બનતા સૅલથી હવે સૂર્ય વીજળી ઉત્પન્ન થશે તે માટે પેટન્ટ એનાયત થયા છે. તેની નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીર

**છાશ વિતરણ...**

રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરા દ્વારા નિઃશુલ્ક છાશ વિતરણ અલકાપુરી ખાતેના આશ્રમના પ્રવેશ દ્વાર પાસે કરાય છે. આવતા જતા રાહદારીઓ છાશ વિતરણ દ્વારા તૃષા છીપવતા નજરે પડે છે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## તેલંગાનાની શાશિક ફાર્માએ ૧૧ ટોચના રોગો અને વિકારો માટે આયુર્વેદિક ઉત્પાદન તૈયાર કર્યા



અમદાવાદ

તેલાંગાના સ્થિત આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ કંપની શાશિક ફાર્મા પ્રા.લિ. એ ભારતના આયુર્વેદ ઈતિહાસમાં નવું પરિણામ સ્થાપિત કર્યુ છે. કંપનીએ ૧૧થી વધુ રોગો અને વિકારોના ઉપચારાત્મક આયુર્વેદ ઉત્પાદન તૈયાર કર્યા છે. વર્ષ ૨૦૧૬ માં લૉન્ચ શાશિક ફાર્મા કંપનીની સ્થાપના પ્રખ્યાત ડૉ. શશિકલા બાંડીએ કરી છે. તે છેલ્લા ૧૦ વર્ષોથી નવી દવાઓના સંશોધનમાં વ્યસ્ત છે. તેમણે હવે વિભિન્ન રોગો અને વિકારો તથા ઉણપોના ઈલાજ માટે સફળતાપૂર્વક દવાઓ વિકસિત કરી છે. પોતાની શોધના એક હિસ્સા રૂપે તેમણે સેંકડો દર્દીઓનો ઈલાજ કર્યો છે તથા આમાં તેમણે ૯૫ ટકાથી વધુ સફળતા પ્રાપ્ત કરી છે. હવે તેમને આ દવાઓ ઉત્પાદન કરવા અને વેંચવા માટે લાઈસેન્સ ભારત સરકારના આયુષ વિભાગથી મળી ચૂક્યું છે. અમને અમારી સમસ્ત શોધો માટે ભારત સરકારના આયુષ મંત્રાલયથી સ્વીકૃતિ મળી ગઈ છે. હવે અમે આ દવાઓને લૉન્ચ કરીને વૈશ્વિક સ્તરે આના વેચાણની પ્રક્રિયા શરુ કરી રહ્યા છીએ, સાથે જ આ માટે ચૈનલ પાર્ટનર્સની શોધ કરવામાં આવી રહી છે. આ દવાઓ માટે બજારમાં વ્યાપક સંભાવનાઓ છે કેમકે આ વધતી જતી ચિંતાઓ જેમકે થાયરાઇડ, ગાયનકોલૉજી સંબંધિત મસલો પીસીઓડી, કિડની સ્ટોન્સ અને વાંજીયાપણાંની સમસ્યાઓ સાથે જોડાયેલી છે.કંપની બહુ જ જલ્દી આ ૧૧ ઉત્પાદનોને લૉન્ચ કરવા જઈ રહી છે.

## જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશનની મલ્ટી યુનિટ કોન્ફરનેસ યોજાઈ



અમદાવાદના જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-બી યુનિટ ૧ અને યુનિટ- ૨ના ગૃપોના તમામ સભ્યોશ્રીની મલ્ટી યુનિટ ફોન્ફરન્સ જાયન્ટ્સ ગૃપ ઓફ અમદાવાદ નોર્થના યજમાન પદે યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી હતી. મલ્ટી યુનિટ કોન્ફરન્સમાં જાયન્ટ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-બી યુનિટ- ૧ અને યુનિટ- ૨ના ટોટલ ૧૬ ગૃપો અમદાવાદમાં કાર્યરત છે.આ ગૃપોએ છેલ્લાં ૬ મહિનામાં ૩૬૨ જેટલાં કાર્યો કર્યા છે, જેમાં શિક્ષણ, સ્ત્રી સશક્તિકરણ(રોજગારી અને મેડિકલ), પર્યાવરણ(વૃક્ષાપોરણને લગતાં કાર્યક્રમો), બેટી બચાવો બેટી પઢાવો, પાણી બચાવો તથા મેડિકલ કેમ્પ(બ્લડ ડોનેશન, સ્ત્રી કેન્સર કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ) વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમો હેઠળ ૯,૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો છે. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે બનાવવા માટે જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશનના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન બળદેવભાઈ જે. પટેલ, જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-બીના વાઈસ પ્રેસિડેન્ટ વીણાબહેન વી. પટેલ, જાયન્ટ્સ ગૃપ ઓફ અમદાવાદ નોર્થના પ્રમુખ વિનોદભાઈ એસ.પટેલ અને અમદાવાદના જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન પરિવારના તમામ સભ્યોનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

## સિમેન્સ દ્વારા ઈન્ડસ્ટ્રી ૪.૦ ઓફરિંગ્સનું વિસ્તૃતિકરણ: ભારતમાં ચાર માઈન્ડસ્ફીયર એપ્લિકેશન સેન્ટર્સ લોન્ચ કર્યા

ભારતમાં સિમેન્સે તેના ઈન્ડસ્ટ્રી ૪.૦ ઓફરિંગ્સના વિસ્તરણની ઘોષણા દેશભરમાં ચાર માઈન્ડસ્ફીયર એપ્લીકેશન સેન્ટર્સ લોન્ચ કરવાની સાથે કરી છે. આ સેન્ટર્સ પૂણે, નોઈડા અને ગુડગાંવ (બે સેન્ટર્સ)માં ખુલશે. સિમેન્સ પ્રથમ એવી કંપની છે કે જે વિશ્વભરમાં ૧૭ દેશોાં ડિજિટલ કસ્ટમર એપ્લિકેશન્સ માટે આવા ૨૦ સેન્ટર્સ સ્થાપશે.દરેક સેન્ટરનો વ્યાપ વિવિધ દેશોમાં અનેક સ્થળોએ હશે અને સિમેન્સ જેમાં એક્ટિવ છે એવી ખાસ ઈન્ડસ્ટ્રીમાં સ્પેશિયલાઈઝ હશે.

આ સેન્ટરો ખાતે ૯૦૦ જેટલા સોફ્ટવેર ડેવલપર્સ, ડેટા સ્પેશિયાલિસ્ટ અને એન્જિનિયર્સ એકસાથે સિમેન્સના ગ્રાહકો સાથે ડેટા એનેલિસિસ અને મશીન લર્નિંગ માટે ડિજિટલ ઈનોવેશન્સ વિકસિત કરવા માટે કામ કરે છે. આ નવા સોલ્યુશન્સ સિમેન્સની ઓપન, ક્લાઉડ આધારિત ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (આઈઓટી) માટેની ઓપરેટિંગ સિસ્ટમ પર માઈન્ડસ્ફીયર વિકસિત કરાયેલ છે. ભારતમાં ચાર માઈન્ડસ્ફીયર એપ્લિકેશન સેન્ટર્સમાં, સિમેન્સના નિષ્ણાતો સિમેન્સના ગ્રાહકો સાથે કો-ક્રિએટ સોલ્યુશન્સ માટે સાથે મળીને કામ કરશે, જે ૧૦૦થી વધુ ડિજિટલ પ્રોજેક્ટ્સનો હિસ્સો હશે જે સમગ્ર વેલ્યુ ચેઈનમાં પરિવર્તન લાવશે અને પ્રોડક્ટિવિટી, ફ્લેક્સિબિલિટી, ઝડપ અને ગુણવત્તા ગ્રાહકોના ઓપરેશન્સમાં આપશે. 'ભારત સિમેન્સ માટે સૌથી વધુ પ્રાથમિકતા ધરાવતો દેશ છે. માઈન્ડસ્ફીયર એપ્લિકેશન સેન્ટર્સ દ્વારા અમે અમારૂં ઈન્ડસ્ટ્રી વિષયક જ્ઞાન ઉપયોગમાં લઈ શકીશું, અમારા ડિજિટલી સક્ષમ સોલ્યુશન્સ વધારી શકીશું અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ અને પાવર સેક્ટર્સમાં ગ્રાહકોને લાંબા ગાળા માટે સહયોગ આપી શકીશું. સિમેન્સ વિચારથી વાસ્તવિકતા સુધીની ફોર્થ ઈન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશનમાં અગ્રણી બની છે. સિમેન્સ હવે વિશ્વની ટોચની ૧૦ સોફ્ટવેર કંપનીઓમાંની એક બની છે, જે ડિજિટલ સોલ્યુશન્સ બનાવે છે જેનાથી ગ્રાહકો માટે ખર્ચ ઘટે છે, વિશ્વસનીયતા વધે છે અને નવા બિઝનેસ મોડેલ્સ વિકસિત કરી શકાય છે.'મુંબઈમાં સિમેન્સ ઈનોવેશન્સ ડે નિમિત્તે આ ઘોષણા કરાઈ હતી. સિમેન્સ ઈનોવેશન ડે એ ગ્લોબલ પ્લેટફોર્મ છે કે જે ઈનોવેટિવ સોલ્યુશન્સ દર્શાવે છે - ખાસ કરીને તે ડિજિટલાઈઝેશનના ક્ષેત્રમાં જોવા મળે છે. ગ્રાહકો બિઝનેસીસમાં તેમના ઓપરેશન્સ દરમિયાન ડિજિટલાઈઝેશનના લાભોનો અનુભવ લઈ ચૂક્યા છે.

## અમે પોતાના સામાજિક ઉદ્દેશ્ય હેઠળ સ્વસ્થ પ્લેનેટ અને સ્વચ્છ ભારત તરફ કામ કરી રહ્યાં છીએ – વિદ્યુત મંત્રી

એનટીપીસી રાજધાની અને એનસીઆરને સ્વચ્છ વાતાવરણ આપવા માટે કૃષિ અવશેષ ઉપરાંત નગરપાલિકા સોલિડ એપસ્ટ્રીમ મેનેજમેન્ટમાં સૌથી પ્રમુખ રહ્યું છે. એનટીપીસીએ વિદ્યુત ઉત્પાદન માટે બાયો સામૂહિકનો ઉપયોગ કરવા માટે એક પાયલોટ પ્રોજેક્ટ ચલાવી હતી, જે સાબિત કરે છે કે સત્તામાં બાયો-સમૂહ વિદ્યુત ઉત્પાદન દ્વારા સ્વચ્છ વાતાવરણ હેતુ સમાધાન છે. અમે ભારતના પર્યાવરણને સ્વચ્છ બનાવીને વિદ્યુત ઉત્પાદન તથા સ્વચ્છ ભારત અભિયાનમાં પોતાનું યોગદાન આપવા માંગે છે.'' શ્રી આર.કે.સિંહ, માનનીય રાજય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) વિદ્યુત અને નવીન ઉપરાંત નવીનીકરણીય ઉર્જાના વિષય "Agro Residue and Municipal Solid Waste to Power: Challenges and Way Ahead for India" પર એનટીપીસીના બે દિવસીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું.''ધરતીને સ્વચ્છ અને સ્વસ્થ બનાવું અમારા લાંબા ગાળાનું સામાજિક ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે મોટી રકમનું હોવું જરૂરી છે અમે એવી નીતિ બનાવવા માંગીએ છીએ. કારણકે સ્વચ્છ ભારત માટે લાંબા ગાળાના લક્ષ્યોને પૂરા કરી શકીએ. કૃષિ અવશેષ અને નગરપાલિકા સોલિડ અપશિષ્ટ બંનેનો ઉપયોગ વિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે, અમે આ પ્રક્રિયાને ઉચિત ઈસ્તેમાલ માટે ચુનૌતિયોનું સમાધાન કરવું પડશે. ''આ પહેલની શરૂઆત કેટલાંક સમય પહેલાં થઈ જયારે પાછલાં વર્ષ ઓક્ટોબર મહિનામાં શહેરના પ્રદુષણથી સંઘર્ષ કરી રહ્યાં હતાં.''

## SAP, ઈન્ડિયા ઈન્ક.ને Cloud પર લાવ્યું, SAP S/4HANA Cloud સાથે, જે મશીન લર્નિંગ અને એઆઈ સામર્થ્યથી યુક્ત હશે



મુંબઈ

SAP SE (NYSE: SAP) દ્વારા આજે તેનું ઈન્ટેલિજન્ટ Cloud એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ઈઆરપી) સોફ્ટવેર- એઝ-અ- સર્વિસ (SaaS) સોલ્યુશન 4SAP S/4HANA® Cloud હવે ભારતમાં ઉપલબ્ધ હોવાની જાહેરાત કરવામાં આવી છે.''ભારત ૪.૧ અબજ ડોલરની તક૧ સાથે ૨૦૨૦ સુધી દુનિયાની ટોચની Cloud બજારોમાં સ્થાન પ્રાપ્ત કરવાની અપેક્ષા છે, એમ SAP ઈન્ડિયન સબકોન્ટિનન્ટના પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડાયરેક્ટર દેબ દી સેનગુપ્તાએ જણાવ્યું હતું. SAPS/4HANA પબ્લિક Cloud સાથે Cloud થકી અમારું ડિજિટલ હાર્દ સંપૂર્ણ અનુકૂળ બનાવીને ઈઆરપી અવકાશમાં અમારી સેવાને Cloudમાં પણ અમે પ્રતિકૃત કરવા માગીએ છીએ.''વોઈસ આધારિત ડિજિટલ આસિસ્ટન્ટ કોપાઈલટ- ઈન્ટેલિજન્ટ એન્ટરપ્રાઈઝ માટે ખાસ

કન્વર્સેશનલ એઆઈ મંચો આઈટીમાં આગામી ભવ્ય પરિવર્તન હોઈ SAP દ્વારા SAP S/4HANA Cloud સાથે SAP કોપાઈલટને એકીકૃત કરવામાં આવે છે. આ નિવારણ એન્ટરપ્રાઈઝીસ માટે પ્રથમ અસલવોઈસ- સક્રિય ડિજિટલ આસિસ્ટન્ટ છે, જે ઉપભોક્તાઓને તેમનાં કામો વધુ ઝડપથી અને કાર્યક્ષમ રીતે પાર પડવામાં મદદરૂપ થવા સાથે વેપાર પ્રક્રિયાઓમાં ટીમવર્ક વધારે છે. મશીન લર્નિંગ અને એઆઈ દ્વારા પાવર્ડ સૈપ કોપાઈલટ વેપારનાં પરિપ્રેક્ષ્યો, કાર્યક્ષમ જોડાણો પ્રેરિત કરવા, વેપાર ડેટા ઝડપથી ઓળખીને તેને કનેક્ટ કરવા વિશે વાકેફ કરે છે અને ઈન-કોન્ટેક્સ્ટ ચેટ ઓફર કરે છે.

## હાસ્યથી લોટપોટ કરતી ગુજરાતી ફિલ્મ 'છુટી જશે છક્કા' ૨૫મી મેના રોજ રિલિઝ થશે



અમદાવાદ

આપણા દેશમાં લોકો અલગ-અલગ પ્રકારનો સટ્ટો રમે, પરંતુ સૌથી મોટો સટ્ટો કયો? મોટાભાગના લોકો ક્રિકેટ જ જવાબ આપશે. આઈપીએલની સિઝનમાં તદ્દન નવા અને કોમેડી કોન્સેપ્ટ સાથે ડિરેક્ટર દુર્ગેશ તન્ના અને પ્રોડ્યુસર નિશાંત ઠાકેર કોમેડી ગુજરાતી ફિલ્મ 'છુટી જશે છક્કા' લઈને આવી રહ્યાં છે. ૨૫મી મેના ગુ-જરાતભરના સિનેમાઘરોમાં રિલિઝ થવા માટે સજ્જ કોમેડી ફિલ્મ 'છુટી જશે છક્કા'ની વાર્તા ક્રિકેટ મેચના સટ્ટાની આસપાસ વણાયેલી છે. હંમેશા પોતાની મસ્તીમાં મસ્ત રહેનારા યુવાનો ઝડપથી નાણા કમાવવાની લ્હાયમાં ક્રિકેટના સટ્ટામાં સપડાય છે અને પરિણામે હાસ્યથી લોટપોટ થઈ જવાય તેવી કોમોડી સર્જાય છે. એક સમસ્યાનો હલ કરતા બીજી સમસ્યાને નોતરે છે તેને ફિલ્મમાં સુંદર રીતે આવરી લેવાયું છે. મિત્રોના જોકે, હાસ્યથી લોટપોટ કરતી ફિલ્મના અંતે શું થાય છે તે જોવા માટે પૂરી ફિલ્મ જોવી રહી. થોડાં સમય પહેલાં ફિલ્મનું ટ્રેલર રિલિઝ કરાયું હતું અને મોટી સંખ્યામાં દર્શકોએ તેની પ્રશંસા કરીને ફિલ્મ રિલિઝ થવાની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે.'છુટી જશે છક્કા' ફિલ્મ ક્રિકેટના સટ્ટા ઉપર આધારિત છે અને તેમાં વિષયવસ્તુની સાથે-સાથે તમામ પાત્રોને સમાન ન્યાય અપાયો છે અને તેમની પ્રતિભા દર્શાવવા પૂરતી તક આપવામાં આવી છે.''આ ફિલ્મમાં અભિનેત્રી જાનકી એક અલગ અને આકર્ષક અંદાજમાં જોવા મળશે. ફિલ્મનું મોટાભાગનું શુટિંગ અમદાવાદમાં કરવામાં આવ્યું છે. ફિલ્મની વાર્તા દુર્ગેશ તન્નાએ લખી છે. ફિલ્મનું સંગીત કેદાર-ભાર્ગવે આપ્યું છે, જયારે કે ગીતો ભાર્ગવ પુરોહિત અને નિરેન ભટ્ટે લખ્યાં છે.

## કથાસાગર-બ્રહ્મચારીનો ઋષિઓને જવાબ

શનક અને અભિપ્રતારી નામના બે ઋષિ વાયુ દેવતાના ઉપાસક હતાં. એક દિવસે બપોરે બન્નેએ ભોજન તૈયાર કર્યું. ભોજન તૈયાર થયું જ હતું કે કોઈએ દરવાજો ખખડાવ્યો. બહાર એક યુવાન બ્રહ્મચારી ભોજન માંગી રહ્યો હતો. અંદરથી જવાબ મળ્યો, હાલ ભોજન નથી. યુવક માટે ઈન્કાર કોઈ નવી વાત ન હતી પરંતુ એક ઋષિના આશ્રમમાંથી આ પ્રકારનો જવાબ મેળવી તેને આશ્ચર્ય થયું. તેણે ઋષિને પૂછ્યું, માન્યવર! શું હું જાણી શકું કે તમે કયા દેવતાના ઉપાસક છો? એક ઋષિએ કહ્યું, મારા ઈષ્ટ દેવ વાયુ છે જેને પ્રાણ પણ કહેવામાં આવે છે. બ્રહ્મચારીએ કહ્યું, ત્યારે તો તમે એ અવશ્ય જાણતા હશો કે આ સંસારે પ્રાણ જ ધારણ કરેલ છે અને અંતે તે આ પ્રાણમાં જ વિલીન થઈ જાય છે. આ પ્રાણ પ્રત્યક્ષ અને પરોક્ષ તમામમાં વ્યાપ્ત છે. ઋષિએ કહ્યું, એ તો સૌ કોઈ જાણે છે. અમને પણ ખબર છે. આમાં નવું શું છે? બીજો પ્રશ્ન હતો. શું હું જાણી શકું કે આ ભોજન તમે કોના માટે તૈયાર કર્યું છે? ઋષિએ સત્વરે જવાબ આપ્યો, અમારા ઈષ્ટ દેવ માટે.

જો પ્રાણ જ આ સંસારમાં વ્યાપ્ત છે તો તે મારામાં પણ એવી જ રીતે મોજૂદ છે કારણ કે હું પણ સૃષ્ટિનો એક ભાગ છું. એ જ પ્રાણ આ ભૂખ્યા શરીરમાં પણ નિવાસ કરે છે જે તમારી સમક્ષ થોડા ભોજનની ભિક્ષા માંગી રહ્યો છે. તો મહામના ઋષિઓ! મને ભોજન આપવાનો ઈન્કાર કરો છો જે માટે તમે તે રાંધ્યું છે? યુવકે મનના હચમચાવી નાખનાર વાત કહી દીધી. બ્રહ્‌ણચારીની આ વાત પર બન્ને ઋષિઓ શરમથી પાણી-પાણી થઈ ગયા અને તેમણે એ બ્રહ્મચારીને સમ્માનપૂર્વક અંદર બોલાવી, હાથ-મોં ધોવડાવી ભોજન કરાવ્યું. તેમણે અનુભવ્યું કે તેઓ માત્ર રૂપ એટલે કે પ્રત્યક્ષના ફેરમાં પડ્‌યા હતાં અને તત્વ કે પ્રકૃતિથી અજાણ હતાં જે ખરેખર સમજવા યોગ્ય છે.

## લઘુકથા- બોરસલ્લી

એક દિવસ વૃધ્ધાશ્રમનાં સંચાલિકા મનોરમાબહેને આશ્રમ નિવાસી પ્રવીણાબહેનને બોલાવીને કહ્યું : 'ચંદ્રાબહેનને આશ્રમમા આવ્યે છ મહિના થઈ ગયા, પણ હજુ એમને અહીં ગોઠતું હોય એવું જણાતું નથી. તમે શું કહો છો ?'

'મને ય એવું લાગે છે, બહેન.' પ્રવીણાબહેન બોલ્યાં : 'એકલાં-એકલાં, અતડાં-અતડાં રહ્યા કરે છે. સૌની સાથે ભળતાં નથી.'

'શ્રીમંત ઘરનાં છે એટલે એવું હશે ?'

'ના, એવું તો કંઈ નહી હોય. કારણ કે કોઈ એમને બોલાવે ત્યારે ખૂબ પ્રેમથી અને નમ્રતા સાથે વાત કરે છે.'

'એમને મૂકવા આવેલા દીકરાઓમાં મોટો તો કહેતો હતો કે ચંદ્રાબહેન ખૂબ સુરીલા કંઠે ભજનો ગાય છે. આશ્રમની પ્રાર્થનામાં એ રંગ જમાવશે. પણ આજ સુધી એવું કંઈ જોવા મળ્યું નથી. ભજન ગાવાની વાત તો બાજુએ રહી પણ પ્રાર્થના સમયે પણ એ બેધ્યાન રહેતાં જણાય છે.'

પ્રવીણાબહેન મૂંગા રહીને સાંભળી રહ્યાં. મનોરમાબહેને આગળ ચલાવ્યું : 'તમે આશ્રમમાં સૌથી મોટાં છો ચંદ્રાબહેનનું મન કૂણું થાય એવું કંઈક કરો.'

મનોરમાબહેનની આ સૂચના પછી પ્રવીણાબહેને ચંદ્રાબહેનની વધારે નિકટ પહોંચવાનો પ્રયત્ન શરૂ કર્યો.

રોજ સૌ નિત્યકર્મથી પરવારી રહે એ પછી પ્રવીણાબહેન ચંદ્રાબહેનની ઓરડી તરફ જતાં. દીકરાઓએ ઓરડી માટેનું ખાસ દાન આપીને ચંદ્રાબહેન માટે છેડાની એક ખાસ ઓરડી ફાળવાવી હતી.

ચંદ્રાબહેન ઘણુખરુ ઓરડી પાછળની મોકળાશવાળી લોબીમાં ખરુશી નાખીને બેઠેલાં હોય. કેટલાક દિવસ અહીં આવ્યા પછી પ્રવીણાબહેનના ધ્યાન પર એક વાત એ આવી હતી કે ખુરશી પર બેઠાં બેઠાં ચંદ્રાબહેન બોરસલીના ઘટાદાર એક વૃક્ષ તરફ નજર માંડી રહેતાં હતાં. જાણે ત્રાટક કરતા હોય !

ચંદ્રાબહેનનું મન જાણવા પ્રવીણાબહેન એમના પરિવારની વાત કાઢતાં. પ્રવીણાબહેન જે કંઈ પૂછે એનો ચંદ્રાબહેન મીઠાશથી જવાબ આપતાં. ચંદ્રાબહેનનું સંયુક્ત કુટુંબ હતું. ત્રણ દીકરા , તેમની પત્નીઓ, એમના બાળકો...

પ્રવીણાબહેન માટે આશ્ચર્યની વાત તો એ હતી કે આવા ભર્યાભર્યા કુટુંબમાંથી ઉખડેલા ઝાડની જેમ અહીં વૃધ્ધાશ્રમમાં આવવું પડ્યું એનો ચંદ્રાબહેનને કશો બળાપો નહોતો. કુટુંબના કોઈ સભ્ય માટે ફરિયાદરૂપે એ એક હરફ પણ ઉચ્ચારતાં નહોતાં.

એક દિવસ પ્રવીણાબહેને ચંદ્રાબહેનને પૂછ્યુ : 'જ્યારે જ્યારે હું તમારી પાસે આવું છું ત્યારે ત્યારે તમે તમારૂ બધું ધ્યાન આ બરસલીના ઝાડમાં પરોવીને બેઠાં હો છો બીજાં ઝાડ જેવું આ એક ઝાડ છે.એમાં ખાસ કંઈ..'

'ખાસ તો કંઈ નહીં, બહેન,' ચંદ્રાબહેન બોલ્યાં : 'અમારા બંગલાની પાછળ આવું જ બોરસલીનું ઝાડ છે.ગરબા જેવું ઘટાદાર, જાણે ઉખાડીને અહીં રોપ્યું હોય..મે માનશો બહેન, બબ્બે માળી હોવા છતાં એ ઝાડને મેં જ રોપ્યું હતું, અને ખૂબ જતનથી એને ઉછેર્યું હતું.. ખૂબ યાદ આવે છે, બહેન.'

એમ તો તમે દીકરાઓને ય ખૂબ જતનથી ઉછેર્યા હશે ને...'

પ્રવીણાબહેનને પોતાના ઉચ્ચારણ અંગેની ભૂલ ત્વરિત સમજાઈ અને કથનનો ઉત્તર ભાગ જે મનમાં હતો તેને ડામી દીધો.

અને છ મહિનામાં આજ પહેલીવાર ચંદ્રાબહેનની આંખમાંથી આસું ખર્યું. **મોહનલાલ પટેલ**

## ખરેખર દેશનું એક પણ ગામ વીજળીના દિવાથી વંચિત નથી...!?

શનિવારનો દિવસ સમગ્ર દેશ માટે ઐતિહાસિક દિવસ બની રહ્યો. દેશનું એક પણ ગામ વીજળીના દીવાથી વંચિત ન રહ્યું! મણીપુર રાજ્યના સેનાપતિ જિલ્લાના લેઈઝાંગ ગામમાં વીજળી પહોંચતાં ઈતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરાઈ ગયું. દેશનું એ છેલ્લું ગામ હતું જે રાષ્ટ્રીય વીજપ્રવાહ સાથે જોડાઈ ગયું.

બેશક, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર માટે એ અવિસ્મરણીય ક્ષણ હતી. ૨૦૧૫માં સ્વતંત્રતા દિનની સવારે લાલ કિલ્લા પરથી વડા પ્રધાને દેશવાસીઓને સંબોધતાં કહ્યું હતું કે, આગામી એક હજાર દિવસોમાં દેશનું એક પણ ગામ વીજજોડાણ વગરનું નહીં રહે, એ મુદત તો હજુ ૧૦મી મે, ૨૦૧૮ના રોજ પૂરી થશે, પરંતુ તેથી પહેલાં જ સરકારે વચનપૂર્તિ કરી બતાવી. એક દિવ્યપ્રાપ્તિ છે કે, દેશનું દરેક ગામ હવે રાત પડ્યે ઝગમગે છે!

૨૦૧૪માં મોદી સરકારે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે દેશનાં ૧૮,૪૫૨ ગામડાં વીજજોડાણથી વંચિત હતાં. આજે એ બધાં જ ગામડાં કાં તો પાવરગ્રીડથી અને કાં તો વૈકલ્પિક સાધનો દ્વારા ઝળહળી ઊઠ્યાં છે. જોકે, ગ્રામીણ વિદ્યુતીકરણ પર દોઢ દાયકા પહેલાં તત્કાલીન સરકારનું ધ્યાન ગયું હતું અને ૨૦૦૫માં સરકારે રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ કામ શરૂ કર્યું હતું અને અન્ય બધી જ યોજનાઓને ગ્રામીણ વિદ્યુતીકરણ સાથે જોડી દીધી હતી.

પછીથી રાજીવ ગાંધીના નામથી શરૂ થયેલી એ યોજના દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજનામાં જોડી દેવાઈ અને હવે તેને નવું નામ આપવામાં આવ્યું છે. એ સૌભાગ્ય યોજના તરીકે ઓળખાય છે, જેમાં ફીડર સેપરેશન, સબ-ટ્રાન્સમિશનમાં સુધારા અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક તેમ જ ખોટ ઓછી થવાના ઉપાયો જોડી દેવાયા. આ બધી યોજનાઓના અમલના કારણે આજે સમગ્ર દેશના ગામડાંઓમાં વીજળી પહોંચી ગઈ છે.

જોકે, આમાં હજુ ગામડાંઓના ઘરોમાં વીજજોડાણ હજુ પ્રોત્સાહક નથી. દેશના ૧૧ ટકા ગ્રામીણ ઘરોમાં હજુ વીજળીના દીવા નથી થતા, જે કદાચ ૩૫ લાખની સંખ્યા ગણી શકાય! એનું કારણ એવું ગણવામાં આવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં પૂરી પડાતી વીજળીના દર ઊંચા છે, જે લોકોને પરવડતા નથી. હાલમાં સરકારે શાળાઓ, પંચાયત ઑફિસો અને આરોગ્ય કેન્દ્રોમાં વીજજોડાણ આપ્યાં છે, જ્યારે ગામડાના કુલ ઘરોના ૧૦ ટકા ઘરોએ વીજજોડાણ લીધાં છે, પણ જે 'સૌભાગ્ય યોજના'ની આપણે વાત માંડી એ યોજના હેઠળ, મોદી સરકારે ડિસેમ્બર, ૨૦૧૮ સુધીમાં દરેક ઘરને વીજળી પૂરી પાડવાનું જાહેર કર્યું છે!

સૌભાગ્ય યોજનાથી ઘણી સમસ્યાઓનો હલ આવી જાય તેવા સંકેત છે. દરેક ઘરમાં વીજળી હોવાના કારણે પર્યાવરણમાં સુધારો, જાહેર આરોગ્યમાં સુધારો, શિક્ષણમાં વધારો અને સુધારો થવાની ધારણા છે. આ યોજના ભારતને અમેરિકા અને ચીન પછી વિશ્ર્વના ત્રીજા ક્રમના 'ઊર્જા પ્રયોગ' કરનારા દેશ તરીકે સ્થાન અપાવે તેમ છે.

ઊર્જાની અપૂર્ણતાના કારણે મહિલાઓ પર લાકડાં કાપવા કે વીણવા જવું, રસોઈ ઉપરાંત ઘરના બીજા કામોનું ભારણ વધી જાય છે, જેની તેમના આરોગ્ય પર અસર પડે છે. ઘરેલું કામકાજ ઉપરાંત તેમના માતૃત્વની ફળદ્રુપતા પર માઠી અસર પડે છે. આ રીતે ઘરમાં વીજળી હોય તો 'જેન્ડર ક્વૉલિટી' માટે પણ પ્રોત્સાહક બની રહે છે. એ સ્ત્રી સશક્તીકરણ અને 'સસ્ટેનેબલ ડેવલપમૅન્ટ ગોલ'નો ભાગ બની જાય છે.

કેન્દ્ર સરકારે આવા કલ્યાણકારી હેતુઓને સફળ બનાવવા માટે માર્ચ, ૨૦૧૯ના અંત સુધીમાં દરેક ઘરને વીજળી પૂરી પાડવા માટે ૨.૫ બિલિયન યુએસ ડૉલરની યોજના ઘડી કાઢી છે. અલબત્ત, એ ખરું કે એ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલાં જ એ યોજના પૂરી થશે, જે કદાચ નરેન્દ્ર મોદી માટે ફાયદારૂપ બની રહેશે.

સરકાર માટે પડકારજનક બની રહેશે લોકોને અખંડિત વીજપુરવઠા પૂરું પાડવાનું કામ! લોકોને તો વીજળીના થાંભલા અને ટ્રાન્સફોર્મર્સ તેમના ઘરની નજીક જોઈએ. તેઓ અસ્ખલિત વીજળીનો પ્રવાહ માગે છે, જેથી તેઓ જ્યારે ઈચ્છે ત્યારે તેનો ઉપયોગ કરી શકે! મોદી કેટલું જોઈ શકશે? કારણ કે વીજપુરવઠો પૂરો પાડવાની ફરજ દેશની રાજ્ય સરકારોની છે, જેમણે રાજકીય હથિયાર તરીકે ગ્રામીણ ગરો અને ખેડૂતોને સસ્તા દરે વીજળી આપવાનું શરૂ કર્યું છે. એ કેટલી ખોટ ખમીને વીજ પૂરી પાડ્યા કરશે?

(જી.એન.એસ)

# રજનિકાંત-અક્ષય કુમારની ફિલ્મને લઈ ખુબ ઈન્તજાર



બોલિવુડ સ્ટારની બોલિવુડમાં પોતાની એક્ટિંગ કુશળતાના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી મોટા સ્ટારની યાદીમાં રહેલા અક્ષય કુમારની મોટી ફિલ્મ ટુ હવે વર્ષ ૨૦૧૮માં રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં રજનિકાંત મુખ્ય સ્ટાર તરીક છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે એમી જેક્સન છે. દિવાળી પર અક્ષય કુમારની મોટી ફિલ્મ રજૂ કરવાની યોજના હતી. જેમાં રજનિકાંત મુખ્ય અભિનેતા તરીકે છે. ટુ નામની આ ફિલ્મમાં તે વિલન તરીકે રજૂ થનાર છે. જો કે આ ફિલ્મ હવે ક્યારેય રજૂ કરવામાં આવનાર છે તે અંગે હજુ સસ્પેન્સની સ્થિતી છે. છેલ્લા બે વર્ષથી ફિલ્મની રજૂઆતને લઈને ચર્ચા ચાલી રહી છે. દિવાળી પર ફિલ્મને રજૂ કરવાની યોજના ટાળી દેવામાં આવી હતી **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# હિરાની સાથેની ફિલ્મમાં કામ કરીને સોનમ ખુશ



## ઓન ધ સ્ક્રીન

બોલિવુડમાં લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી રહેલી અભિનેત્રી સોનમ કપુર રાજકુમાર હિરાની સાથે સંજુ ફિલ્મમાં કામ કરીને ભારે ખુશ છે. આ ફિલ્મ ૧૨મી ઓક્ટોબરના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. આનંદ આહુજા સાથે લગ્ન કરી ચુકેલી સોનમ કપુર હાલમાં ચાર ફિલ્મ ધરાવે છે. જેમાં વીર ધી વિડિંગ જે જુનમાં રજૂ કરવામાં આવનાર છે. આ ઉપરાંત એક લડકી કો દેખા તો એસા લગા ફિલ્મ ૧૨મી ઓક્ટોબરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જેમાં તે પિતા અનિલ કપુર સાથે દેખાશે. આનંદ સાથે લગ્ન કર્યા બાદ પણ તે ફિલ્મોમાં સક્રિય રહેનાર છે. સંજુ ફિલ્મ વિતેલા વર્ષોના સ્ટાર અભિનેતા સંજય દત્તની લાઈફ પર આધારિત ફિલ્મ છે. જેમાં તે સંજય દત્તની પ્રેમિકાના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં તેના રોલ અંગે પુછવામાં આવતા સોનમ કપુરે માહિતી આપવાનો ઈન્કાર કર્યોહતો અને કહ્યુ હતુ કે આ તબક્કે રોલ અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. નિરજાની અભિનેત્રીએ એમ પણ કહ્યુ છે કે તે બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે.રાજકુમાર હિરાની સાથે તમામ કલાકારો કામ કરવા માટે હમેંશા ઉત્સુક રહે છે. રાજકુમાર હિરાની કોઈપણ ફિલ્મને ખૂબ જ શાનદાર રીતે રજુ કરવા માટે જાણીતા છે. નવી ફિલ્મ સંજય દત્તની લાઈફ ઉપર આધારીત છે. જેમાં સોનમ કપૂરની સાથે સાથે રણબીર કપૂર, અનુષ્કા શર્મા, પરેશ રાવલ, મનિષા કોઈરાલા, મનિષા તન્ના, વિકી કૌશલ, દિયા મિરઝાનો સમાવેશ થાય છે. મનિષા ફિલ્મમાં સંજય દત્તની માતા તરીકેની ભૂમિકામાં રહેશે.

# સુમધુર સંગીતના મહાન સંગીતકાર ઓ.પી.નૈયર

## ફિલ્મી સિતારા-કમલેશ કંસારા

પોતાના સુરોના જાદુથી આશાભોંસલે, ગીતાદત્ત અને મોહમ્મદ રફી સહિત અનેક ગાયક, ગાયિકાઓને કામયાબીના શિખર પર પહોંચાડનાર મહાન સંગીતકાર ઓ.પી.નૈયરના સંગીતનો જાદુ ફિલ્મી જગતમાં લાંબો સમય અમર રહેશે.

૧૬ જાન્યુ.૧૯૨૬ ના રોજ લાહોરના એક મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલ ઓંકાર ઉર્ફે ઓ.પી.નૈયરનું ધ્યાન બાળપણથી જ સંગીતની તરફ રહ્યું હતું. તેઓ પાર્શ્વગાયક બનવા માગતા હતા. દસ વર્ષની વયે સૌથી પહેલાં એમણે પંડીત ગોવિંદરામના સંગીત નિર્દેશનમાં પંજાબી ફિલ્મ 'દુલ્હાભટ્ટી' માં કોરસના રૂપમાં ગીત ગાવાની તક મળી હતી. આ ગીત ગાવા બદલ એમને દસ રૂ.નું મહેનતાણું પ્રાપ્ત થયું હતું.

વચ્ચે વચ્ચે તેઓ આકાશવાણી દ્વારા પ્રસારીત અનેક કાર્યક્રમોમાં પણ પોતાનું સંગીત આપ્યું હતું. ભારત વિભાજન બાદ તેમનો પુરો પરિવાર લાહોર છોડીને અમૃતસર આવી ગયા હતા. ૧૯૪૯ માં સંગીતકાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવવાને માટે મુંબઈ આવ્યા. જ્યાં એમની મુલાકાત જાણીતા નિર્દેશક કૃષ્ણકેવલ સાથે થઈ જેઓ એ સમયે ફિલ્મ 'કનીજ' નું નિર્માણ કરી રહ્યા હતા.

કૃષ્ણકેવલ એમના સંગીત બનાવવાના અંદાજથી ખુબ જ પ્રભાવિત થયા. અને ફિલ્મમાં બેકગ્રાઉન્ડ સંગીત આપવાની તક આપી. આ ફિલ્મ અસફળ થવાથી સંગીતકાર ઓ.પી.નૈયર પોતાની ઓળખ બનાવવામાં ભલે સફળ ન થયા પરંતુ ફિલ્મી જગતમાં એમની કેરીયરની શરૂઆત થઈ ગઈ.

એમના મિત્રના કહેવાથી તેઓ દિલ્હી આવ્યા જ્યાં નિર્માતા પંચોલી સાથે મુલાકાત કરી જેઓ નગીના ફિલ્મનું નિર્માણ કરી રહ્યા હતા. એક સંગીતકાર તરીકેની ઓ.પી.નૈયરની કેરીયરની ફિલ્મ આસમાનથી શરૂ થઈ હતી.

આ ફિલ્મમાં એમણે સી.એચ.આત્માના કંઠે ગવાયેલ પોતાનું પ્રથમ ગીત રેકોર્ડ કરાવ્યું. ગીતના શબ્દો હતા ઈસ બેવફા જહાં મેં વફા ઢુંઢતે હૈ.. આ દરમ્યાન એમની છમાછમછમ અને બાઝ જેવી ફિલ્મો પ્રદર્શિત થઈ. પરંતુ આ ફિલ્મોએ ખાસ સફળતા ન મેળવી અને પછી તેઓ ફિલ્મી જગત છોડીને પાછા અમૃતસર આવતા રહ્યા. ૧૯૫૩ માં પાર્શ્વગાયિકા ગીતાદત્તે ઓ.પી.નૈયરને ગુરૂદત્તને મળવાની સલાહ આપી. ૧૯૫૪ માં ગુરૂદત્તે પોતાની નિર્માણ સંસ્થા શરૂ કરી અને પોતાની ફિલ્મ આરપારના સંગીત નિર્દેશનની જવાબદારી ઓ.પી. નૈયરને સોંપી. ફિલ્મ આરપારના ઓ.પી.નૈયરના નિર્દેશનમાં સંગીતબદ્ધ ગીત સુપરહીટ થયા અને આ સફળતા પછી ઓ.પી.નૈયર પોતાની ઓળખ બનાવવામાં સફળ થયા.

ત્યારબાદ ગુરૂદત્ત નિર્મિત ફિલ્મ મીસ્ટર એન્ડ મીસેસ ૫૫ ના માટે ઓ.પી.નૈયરે સંગીત આપ્યું, ફિલ્મમાં એમના સંગીત નિર્દેશનમાં બનેલ ગીત 'જાને કહાં મેરા જીગર ગયા જી..' અને ઠંડી હવા કાલી ઘટા.. ખુબ જ લોકપ્રિય થયા.

એમના પસંદગીના ગાયકમાં સૌ પહેલું નામ મોહમ્મદ રફીનું આવે છે. ૫૦ અને ૬૦ ના દશકમાં ઓ.પી.નૈયરના સંગીત નિર્દેશનમાં રફીએ અનેક ગીતો ગાયા હતા. ઓ.પી.નૈયર રફીના ગાવાના અંદાજથી ખુબ જ પ્રભાવિત થયા હતા. એમણે કીશોર-કુમારને માટે મોહમ્મદ રફીની પાસે ''મન મોરા બાવરા' ગીત ફિલ્મ રંગીલી' માટે ગવડાવ્યું હતું.

મોહમ્મદ રફી અને ઓ.પી.નૈયરની જોડીસએ અનેક સદાબહાર ગીતો ગાયા હતા. શમ્મીકપુરને એમની કેરીયરમાં ઉંચાઈના શિખર પર પહોંચાડવામાં આ જાડીનો ઉત્તમ ફાળો હતો.

ઓ.પી.નૈયર મોહમ્મદ રફી પ્રતિ પોતાનો પ્રેમ દર્શાવતા કાયમ કહેતા કે જો મોહમ્મદ રફી ન હોત તો ઓ.પી.નૈયર પણ ના હોત.

પચાસના દશકમાં ઓ.પી.નૈયર ફિલ્મી જગતના શિખર પર પહોંચી ગયા હતા. અનેક ફિલ્મોમાં આપેલ સંગીત આજે પણ લોકોના દિલો દિમાગ પરથી ખસ્યા નથી. ૧૯૫૮ માં પ્રદર્શિત

**અનુસંધાન પાના નં.૬ ઉપર**



## ન્યુઝ સ્ટ્રીપ્સ

★ચામાં ખાંડને બદલે મીઠું નાખતી કાવતરાબાજ સાસુઓ અને કપટી પુત્રવધુઓ જોઈને ઉછરેલી આખી પેઢી માટે સોની સબ પર મનોરંજન કોમેડી શો જોવાનું ખરેખર તાજગીપુર્ણ બની રહે છે. વળી ચેનલ તેને ધ્યાનમાં રાખીને જ ૧૯૯૦ ની સીરીઝ પાછી લાવ્યા છે.શ્રીમાન શ્રીમતી સર્વ નવા કલાકારો સાથે શ્રીમાન શ્રીમતી ફીર સે તરીકે આવી રહી છે. અગાઉની સીરીયલમાં સ્વ.રીમાલાગુ, સ્વ.જતીન કણકીયા અર્ચના પુરણસિંહ અને રાકેશ બેદી હતા. ભારતીય ટેલી.પર મહત્વપૂર્ણ ભૂમિકાઓ માટે લોકપ્રિય સુંદરી બરખા બિન્ત શોમાં ડોલની ભૂમિકા ભજવે છે. જયારે અવ્વલ કોમેડીયન સુરેશ મેનન દિલરૂબીની ભૂમિકામાં છે. ડોલનું પાત્ર મીઠું, મનોહર અને સ્વમાની છોકરીનું છે. જે પરફેકશનમાં માને છે જયારે તેની સામે દીલરૂબા મીઠો, નિર્દોષ છોકરો છે. જે પોતાના પાડોશીની પત્ની માટે સોફટ કોર્નર ધરાવે છે. બરખા અને સુરેશની પ્રતિભા અને ડોલ અને દિલરૂબા જેવા અલગ અલગ શેડસ સાથેનાં પાત્રો ભજવવામાં નિપુણતા નીશ્ચિત જ આ સીરીઝમાં મોજીલું તત્વ ઉમેરશે.

★૭ વર્ષની આકૃતિ શર્મા દર્શકોને પોતાની બહુમુખી પ્રતિભા વડે મોહીત કરી રહી છે.ઉપરાંત એક બાળક તરીકે એવી બધી ઘણી કળાઓ એવી છે જે તેને આવડતી હોવાનું જાણીને લોકો અચંબામાં મુકાઈ જાય છે. પોતાની આંખોમાં નિર્દોષતા અને મનમાં બેજોડ બનવાની ચાહના લઈને નાનકડી આકૃતિ જે કુલ્ફીકુમાર બાજેવાલાદમાં પ્રમુખ પાત્ર ભજવે છી. તેણે પોતાની ભૂમિકા માટે ગાવાની સાથે બીજી ઘણી વસ્તુઓ શીખી છે. શોના નિર્માતા નિલાજના આ ચમત્કારીક બાળકી વિશે ઘણી બધી વાતો જણાવી રહી હતી કે આકૃતિની પસંદગી માત્ર ૧૫ સેકન્ડમાં જ થઈ ગઈ હતી.

આકૃતિ એક ઉત્સાહી અને નીડર બાળક છે. તે સેટ પર વાંદરાઓ સાથે રમે છે અને તેમની સાથે દોસ્તી કરી છે.

★સિદ્ધિ વિનાયકના સેટસ પર ફરનાઝ શેટ્ટી માટે મામલો વધુ ગરમ બની ગયો છે. આગામી એપીસોડમાં આ અભિનેત્રી રસપ્રદ દ્રશ્યના શુટ દરમિયાન અસલ જીવનમાં આગ સામે પોતાના ડરમાંથી બહાર આવવા માગતી જોવા મળશે. ફરનાઝ સાહસ સાથે તેનું સ્ટંટ પુરૂં કર્યું ત્યારે તેની કસોટી કેવી થઈ તે પણ જાણવા જેવું છે. આગામી એપીસોડમાં રિધ્ધિ રસોડામાં જમવાનું બનાવતી હોય છે ત્યારે વિન ઉર્ફે વિનાયકના વિચારોમાં ખોવાઈ જાય છે અજ્ઞાત રીતે તેના દુપટ્ટાને આગ લાગે છે અને રિધ્ધિને જુની વાત યાદ આવે છે. જેમાં રિધ્ધિ એક આગથી લપેટાયેલી ઝુંપડામાં ફસાઈ જાય છે.જોકે ભાગ્યશાળી વિનાયક વીરતા બતાવતાં ગણતરીની મીનીટોમાં આગ બુઝાવી દે છે. વાસ્તવમાં આગ ઝડપથી ફેલાય છે જેથી હું નર્વસ થઈ જાઉં છું દુપટ્ટો નાયલોનનો હતો જે કેરોસીનમાં ડુબાડેલો હતો અને મારે તે હાથોમાં પકડવાનો હોવાથી મારી ચિંતા ઓર વધી હતી. જોકે કુએ બધી જરૂરી સુરક્ષાનું ધ્યાન રાખ્યું હતું અને બધી તપાસ કરીને જ કાળજીપુર્વક નિયોજન કર્યું હતું.

# સુશાંત અને જેકલીન હાલમાં ડ્રાઈવના શુટિંગમાં વ્યસ્ત



સુશાંત સિંહ રાજપુત અને જેક્લીન હવે તેમની મહત્વકાંક્ષી ફિલ્મ ડ્રાઈવના શુટિંગને પૂર્ણ કરવા આવ્યા છે. આ ફિલ્મ સાતમી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના છે. જેથી તમામ ફિલ્મ નિર્માણ સાથે સંબંધિત કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યુ છે. એક્શન કોમેડી ફિલ્મ વર્ષ ૨૦૧૧માં આવેલી હોલિવુડ ફિલ્મ ડ્રાઈવની હિન્દી આવૃતિ છે. તરૂણ મનસુખાણીની આગામી એક્શન અને કોમેડી ફિલ્મનુ નિર્માણ કરણ જોહર દ્વારા કરવામાં આવી રહ્યુ છે. સુશાંત અને જેક્લીનની જોડી ઈઝરાયેલના ફાયનાન્સિયલ અને ટેકનોલોજી હબ તેલ એવીવ ખાતે શુટિંગ કરી ચુકી છે. તનિષ્ક બાગચી દ્વારા ગીતનુ સંગીત તૈયાર કરવામાં આવી રહ્યુ છે. તરૂણે માહિતી આપતા કહ્યુ છે કે એક્શન કોમેડી ફિલ્મ બનાવવામાં આવી રહી છે. સુશાંત અને જેક્લીનની સાથે સાથે અન્ય તમામ કલાકારો ઈઝરાયેલમમાં શુટિંગને પૂર્ણ કરી ચુક્યા છે. બીચ પર શુટિંગ કરવામાં આવ્યુ હતુ. કેટલાક પાર્ટી હોટસ્પોટ પર પણ શુટિંગ કરવામાં આવ્યુ હતુ. તેમનુ કહેવુ છે કે ઈઝરાયેલમાં જ્યા પણ અમને શુટિંગ કરવા માટેની મંજુરી મળી હતી ત્યાં શુટિંગ કરવામાં આવી ચુક્યુ છે. આજ જાનેની જિદ્દ ના કરો ગીત પર હાલમાં જ સુશાંત અને જેક્લીનની જોડીએ જાદુ જગાવ્યો હતો. ફિલ્મ ફેર એવોર્ડમાં બન્ને સાથે નજરે પડ્યા હતા. તરૂણનુ કહેવુ છે કે આ નવી જોડી તમામ ચાહકોને પસંદ પડશે. તેમના પરફોર્મને તેઓ જોઈ ચુક્યા છે. બન્ને સારા ડાન્સરની સાથે સાથે સારા કુશળ કલાકાર છે. તેમના ડાન્સિંગ ટેલેન્ટને બહાર લાવવાના પ્રયાસ ફિલ્મ વેળા કરવામાં આવનાર છે. ડ્રાઈવ ફિલ્મ કાર, રેસિંગ, માઈન્ડ ગેમ્સ અને અલગ પ્રકારની એક એક્શન ફિલ્મ રહેનાર છે. તેવી વાત અગાઉ જેક્લીન કરી ચુકી છે. ફિલ્મ પર હવે ઝડપથી કામ આગળ વધશે.

## બીહાઈન્ડ ધ સ્ક્રીન

# સુશાંત અને શ્રદ્ધા એક સાથે નવી ફિલ્મમાં રહેશે



છેલ્લા કેટલાક સમયથી અભિનેત્રી શ્રદ્ધા કપુર ફિલ્મોમાં નજરે પડી રહી નથી. ફિલ્મોમાંથી ગાયબ છે. તે છેલ્લે અપૂર્વ લાખિયાની ફિલ્મ હસીના પારકરમાં નજરે પડી હતી. હવે દંગલ ફેઈમ નીતેશ તિવારી તેને પોતાની આગામી ફિલ્મમાં લેવા માટે નિર્ણય કરી ચુક્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ફિલ્મમાં શ્રદ્ધા કપુર મુખ્ય રોલ અદા કરનાર છે. સુશાંત સિંહ રાજપુત પણ કામ કરી રહ્યો છે. ફિલ્મના નિર્માતા તરીકે કોણ રહેશે તેને લઈને ચાલી રહેલી ચર્ચાનો અંત આવી ગયો છે. ફિલ્મના નિર્માતા તરીકે સાજિદ નડિયાદવાળા રહેનાર છે. જો કે ફિલ્મને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ચર્ચા એવી પણ છે કે જેક્લીનને પણ ફિલ્મ માટે લેવાની વાત હતી. જો કે વાત આગળ વધી શકી ન હતી. સંજય પુરન સિંહ ચૌહાણની નવી ફિલ્મ ચંદા મામા દુર કે ફિલ્મમા પણ સુશાંત કામ કરી રહ્યો છે. આ ફિલ્મમાં સુશાંત સિંહ રાજપુત એક અંતરિક્ષ યાત્રીની ભૂમિકા અદા કરી રહ્યો છે. જો કે આ ફિલ્મને હાલમાં રોકી દેવામાં આવી છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સલમાનની સાથે વધુ એક ફિલ્મ મળતા જેકલીન ખુશ



## ઓન ધ સ્ક્રીન

સલમાન ખાન અને જેક્લીન કિક ફિલ્મ બાદ ફરી એકવાર એક સાથે આવી રહ્યા છે તેને લઈને કરોડો ચાહકો ભારે રોમાંચિત છે. જેક્લીન પોતે પણ ભારે ખુશ છે. રેસ-૩ ફિલ્મમાં શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. સલમાન ખાનની આ ફિલ્મનો ચાહકો ઉત્સાહપૂર્વક ઈન્તજાર કરી રહ્યા છે. ફિલ્મને હવે રજૂ કરવામાં આવનાર છે. આ વખતે બન્ને રેમો ડિસુઝાની ફિલ્મમાં કામ કરી રહ્યા છે. ફિલ્મનુ નામ રેસ-૩ રાખવામાં આવ્યા બાદ ઉત્સુકતા છે. મળેલી માહિતી મુજબ સલમાનની સાથે જેક્લીન રેસ-૩ બાદ પણ એક ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મમાં સલમાન ખાન એક એવા પતિની ભૂમિકા અદા કરનાર છે જેની પત્નિનુ મોત થઈ ચુક્યુ છે અને તેની એક નવ વર્ષની પુત્રી પણ છે. જેક્લીન એક ટીચરની ભૂમિકામાં નજરે પડનાર છે. રેમો આ પહેલા ટાઈગરની સાથે જેક્લીનને ફલાઈંગ જાટમાં લઈ ચુક્યા છે. અલબત્ત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ હતી. રેમોએ કહ્યુ છે કે જેક્લીન ખુબ શાનદાર ડાન્સર છે. જેથી તે આ રોલ માટે બિલકુલ પરફેક્ટ છે. તે ડાન્સ ટીચર તરીકેની ભૂમિકામાં નજરે પડનાર છે. અમે પહેલા પણ સલમાન અને જેક્લીનની જોડીને એક સાથે નિહાળી ચુક્યા છીએ. હાલમાં સલમાન ખાન અન્ય ફિલ્મને લઈને વ્યસ્ત છે.જેકલીનની જુડવા -૨ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર ધુમ મચાવી ચુકી છે. તે પહેલા જેક્લીન સિદ્ધાર્થ મલહોત્રાની સાથે હાલમાં જેન્ટલમેન નામની ફિલ્મમાં નજરે પડી હતી. જે બોક્સ ઓફિસ પર ફલોપ રહી હતી. તે સતત ફલોપ ફિલ્મો કરી રહી છે ત્યારે સલમાનની જોડી સાથે તેની કેરિયરમાં ફરી તેજી આવી શકે છે. જેક્લીન અન્ય બે ફિલ્મો કરી રહી છે. જે રજૂ થવા માટે તૈયાર છે. રેસ-૩ ફિલ્મ બાદ સલમાન સાથે જેક્લીનની કઈ ફિલ્મ છે તેની ઉત્સુકતા વધી ગઈ છે.

# યામી ગૌતમ શાહિદ કપુર સાથે નવી ફિલ્મમાં દેખાશે



રિતિક રોશન અભિનિતિ ફિલ્મ કાબિલમાં અંધ યુવતિની શાનદાર ભૂમિકા અદા કરીને ચારેય બાજુ ભારે પ્રશંસા મેળવનાર યામી ગૌતમ હવે શાહિદ કપુરની સાથે બત્તી ગુલ મીટર ચાલુ નામની ફિલ્મમાં કામ કરી રહી છે. તેની પાસે અન્ય કેટલાક પ્રોજેક્ટો પણ રહેલા છે. તે બોલિવુડની સાથે સાથે અન્ય ભાષાની ફિલ્મોમાં કરવાને લઈને કોઈ ખચકાટ અનુભવ કરતી નથી. તેનુ કહેવુ છે કે તે બોલિવુડમાં સારી અને મોટી ભૂમિકા ધરાવતી ફિલ્મો કરવા માટે ઈચ્છુક છે. યામી ગૌતમે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત વિકી ડોનર ફિલ્મ મારફતે કરી હતી.પરંતુ ત્યારબાદ તેને અપેક્ષિત સફળતા મળી ન હતી. તેની કાબિલ ફિલ્મની ચારેબાજુ પ્રશંસા થઈ હતી. આ ફિલ્મમાં તે સુપરસ્ટાર અભિનેતા પૈકી એક એવા રિતિક રોશન સાથે નજરે પડી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# અથિયા લાંબી ઈનિંગ્સ રમવા માટે ઈચ્છુક બની



## સીને

બોલિવુડમાં નવી અભિનેત્રીઓ વચ્ચે ગળા કાપ સ્પર્ધા હોવા છતાં અભિનેતા સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા લાંબી ઈનિંગ્સ રમવા માટે આશાવાદી બનેલી છે. તે સારી ફિલ્મોમાં કામ કરવા માટે ઈચ્છુક છે. અથિયા શેટ્ટી તમામ નવા કલાકારો સાથે કામ કરવા માટે આશાવાદી છે. થોડાક સમય પહેલા કોમેડી ફિલ્મ મુબારકાને બોક્સ ઓફિસ પર સફળતા મળતા સેક્સી અથિયા શેટ્ટી હવે બોલિવુડમાં લાંબી ઈનિંગ્સ રમવા માટે ઈચ્છુક છે. આશાસ્પદ સ્ટાર અને વિતેલા વર્ષોના લોકપ્રિય સ્ટાર સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટીનુ કહેવુ છે કે તે આગામી સમયમાં એક્શન ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર છે. હાલમાં રજૂ થયેલ નવી એડમાં તે એક બાઈકમાં નજરે પડી રહી છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતામાં સામેલ રહેલા સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટી પાસે હાલમા કોઈ મોટી ફિલ્મ આવી રહી નથી. અથિયા મુબારકામાં પીઢ અભિનેતા અનિલ કપુર, અર્જૂન કપુર અને ઈલિયાના ડી ક્રુઝની સાથે નજરે પડી હતી. અનિલ કપુર લાંબા સમય બાદ ફિલ્મમાં નજરે પડ્યો હતો. આ ફિલ્મ ગયા વર્ષે ૨૮મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવી હતી ત્યારબાદથી ફિલ્મને સફળતા મળી હતી. સુનિલ શેટ્ટીની પુત્રી અથિયાએ નિખિલ અડવાણી દ્વારા નિર્દેશિત રોમેન્ટિક એક્શન ફિલ્મ હિરો સાથે બોલિવુડમાં પ્રવેશી હતી. વર્ષ ૨૦૧૫માં આ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ફિલ્મમાં અભિનેત્રી તરીકે અથિયાની સાથે અભિંનેતા તરીકે ફિલ્મમાં સુરજ પંચોલીએ ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મ પીઢ ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈની વર્ષ ૧૯૮૩માં આવેલી ફિલ્મની રિમેક હતી. વિતેલા વર્ષોની હિરો ફિલ્મમાં અભિનેતા તરીકેની ભૂમિકામાં જેકી શ્રોફે ભૂમિકા અદા કરી હતી.

**વાવના ...**

**પાના નં.૧ ચાલુ**

જ્યારે આ અંગે થરાદના બ્લોક હેલ્થ ઓફીસર ડૉ એચ.વી.જેપાલનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ કેસ જોવા મળતાં ગામમાં પણ ફફડાટનો માહોલ ફેલાવા પામ્યોછે અત્રે ઉલ્લેખનીય છેકે ચોમાસા બાદ સરહદી થરાદ વાવ પંથકમાં મચ્છરોની ઉત્પત્તિ વધુ પ્રમાણમાં જોવા મળી રહીછે. તેમજ વિતેલા વર્ષોમાં ડેંગ્યુના કારણે છેક અમદાવાદ સુધી સારવાર માટે દોડ્યા બાદ પણ દર્દીઓને બચાવી નહી શકાયાના બનાવો બનવા પામેલા છે.ફરીથી આવી દુઃખદ ઘટનાઓ બને તે પુર્વે આરોગ્ય વિભાગ દ્વારા ફોગીંગ જેવી મચ્છરોને નાથવાની નક્કર કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ જનમાંગ ઉઠવા પામી છે.

**પાલનપુરની...**

**પાના નં.૧ ચાલુ**

બનાવવા મથતા વિધાર્થીઓ માટે આશીર્વાદ રૂપ બની શકે છે. ખાનગી સ્કૂલોની તગડી ફી વસુલાત સામે વિકલ્પ તરીકે જિલ્લામાં સરકારી સ્કૂલ પાલનપુર ખાતે આવેલી છે. આ સ્કૂલની પ્રથમ બેન્ચમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ એ આ ચાલુ પરિણામ માં સુંદર પરફોર્મન્સ કરી ૭૩.૦૦% જેટલું ઊંચુ પરિણામ લાવ્યું છે.

સરકારે વિજ્ઞાન પ્રવાહ માટે આર્થિક રીતે નબળા વિધાર્થીઓ માટે સરકારી સ્કૂલ માં કુમારને ધોરણ ૧૧ માં ટોકન ફી ૩૭૦ જયારે ધોરણ ૧૨ માં ૩૦૦ રૂપિયા જેવો નજીવો ચાર્જ રખાયો છે. જયારે વિજ્ઞાન પ્રવાહની કન્યાઓ માટે નિઃશુલ્ક અભ્યાસની વ્યવસ્થા આ સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે. આ ટોકન કિંમત લાખોની ખાનગી સ્કૂલોની ફી વસુલાત સામે નજીવી છે. જે હર કોઈને પોષાય તેવી છે. અને આર્થિક રીતે નબળાં વર્ગના વિદ્યાર્થીઓ પણ વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરી શકે તેવી સુંદર સુવિધા સરકારી સ્કુલો માં સરકારે આપી છે.

પાલનપુરની સરકારી હાઈસ્કૂલમાં આજે ૭૩% જેટલું વિજ્ઞાન પ્રવાહમાં પરિણામમાં આવ્યું છે. જેને પરિણામે હવે જે મધ્યમવર્ગ અથવા ગરીબ વાલીઓના બાળકોનું જે સાયન્સમાં ભણવાનું સ્વપ્ન હતું એ પૂરું થશે. પાલનપુરની સરકારી હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં બાળકોને સાયન્સ ભણાવાશે અને સાથે સાથે જે દીકરીઓ છે તેમને નિ શુલ્ક ભણતર મળશે. જો કે, આજની જે મોંઘીદાટ સ્કૂલો છે અને મોંઘીદાટ ફી સામે જે ગરીબ વાલીઓ લાચાર હતા. તેમની માટે હવે એક વિકલ્પ ખુલ્લો થયો છે. અને સરકારી શાળાઓમાં નિઃ શુલ્ક વિજ્ઞાન પ્રવાહમાં ભણતર મેળવી શકે છે અને તેમની કારકિર્દી બનાવી શકે છે તેવું સરકારી શાળાના પ્રિન્સિપાલ આંનદ પરમારે જણાવ્યું હતું. ગુજરાતના મહાનગરોમાં વાલીઓ તગડી ફી સામે આંદોલનો ચલાવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ સુધી વાત પહોંચી છે વાલીઓને પોતાના બાળકોની કારકિર્દી બનાવવા માટે સુપ્રીમ કોર્ટનો સહારો લેવો પડે છે. ત્યારે સરકાર ખાનગી શાળાઓને જે પ્રમાણે પ્રોત્સાહન આપી રહી છે. તેને બદલે સરકારી શાળાઓમાં જો ફેસિલિટીઝ આપવામાં આવે તો ચોક્કસ ગરીબ અને મધ્યમ વર્ગથી માંડીને તમામ લોકોની સમસ્યાનો હલ આવી શકે અને ચોક્કસ શિક્ષણનું સ્તર ઊંચુ જઈ શકે છે.

**જળસંચયથી ...**

**પાના નં.૧ ચાલુ**

આ મહાઅભિયાનમાં જે.સી.બી.,ટ્રેકટર-ડમ્પરનો ઉપયોગ થાય છે તેમજ લાખો શ્રમિકો રોજગારી મેળવી રહ્યાછે એમ તેમણે ઉમેર્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં આ અભિયાનની વિગતો આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતુકે, જિલ્લામાં ખેતી માટે સિંચાઈનું પાણી ઉપલબ્ધ કરવા તળાવો ઉંડા કરવા, ચેકડેમનું ડિસીલ્ટીંગ, નહોરોના ડિસીલ્ટીંગ સહિત ૭૬૫ જેટલા જળસંચયના કામો ઉપાડ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પાણીએ ધરતીપરનું અમૃત છે. તેનો સંચય સંગ્રહ અત્યંત જરૂરીછે. આ સંગ્રહથી જળસંકટ પર વિજય મેળવવા તેમણે આહવાન કર્યુ હતું.

સાંસદ દીપસિંહ રાઠોડે જણાવ્યું હતુંકે, ગુજરાત સરકારે જળસંચયનું હાથ ધરેલું અભિયાન ખરેખર પ્રશંસનીય છે, આ અભિયાનમાં જન સહયોગથી એક વિશાળ માળખુ ઉભુ થવાનું છે તે આવકાર્યછે એમ તેમણે ઉમેર્યું હતુ.

જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે. એ જણાવ્યું હતુકે, જિલ્લામાં આ અભિયાન અંતર્ગત ૭૫૦ જેટલા કામો હાથ ધરાયા છે. જેના હકારાત્મક પરિણામો આગામી સમયમાં મળશે. તેમણે જિલ્લામાં હાથ ધરાયેલા કામોની વિસ્તૃત જાણકારીઆપી હતી.

આ પ્રસંગે ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકા સરપંચ એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિના રૂપિયા ૨૧ હજારનાચેક અપાયા હતા. આ પ્રસંગે ગુજરાત વિધાન સભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, સંસદસભ્ય શ્રી દીપસિંહ રાઠોડ, ધારાસભ્ય હિતુભાઈ કનોડીયા, ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ રમીલાબેન બારા, પ્રદેશમંત્રી પ્રદિપસિંહ વાઘેલા, જિલ્લા ભાજપા પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા પ્રભારી સચિવ શ્રીમતી જયંતિ રવિ, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા-તાલુકાના હોદ્દેદારો-પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**ગુજરાતમાં હવે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ઝાડા ઉલ્ટીના ૧૭૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના પાંચ જ દિવસમાં ૩૯ અને ટાઈફોઈડના ૫૫ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના પાંચ જ દિવસના ગાળામાં ૭૧ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ત્રણ કેસો સપાટી ઉપર આવ્યા છે. દેશના કેટલાક ભાગોમાં હાલ વાવાઝોડા અને વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં ગરમી તીવ્ર બની છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજયમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૩ ડિગ્રી રહી શકે છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે.

**મગફળી આગ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મગફળીની ક્વાલિટી વિશે ખાસ ધ્યાન આપવામાં આવશે. આથી જ એગ્રીકલ્ચર યુનિવર્સિટીને વિનંતી કરવામાં આવી હતી. તેઓ આ કેસના સંશોધનમાં ભાગ લે તે માટે એગ્રી કલ્ચર યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલરને વિનંતી કરવામાં આવી હતી. તેઓ આઠેઆઠ યુનિટમાંથી સેમ્પલ લઈ જશે પછી તપાસ કરી રિપોર્ટ આપશે. યુનિવર્સિટીના નિષ્ણાત તજજ્ઞોના અભિપ્રાય પછી તપાસ વધુ અસરકારક બનશે. તેમણે એ પણ સ્પષ્ટ કરી દીધું હતુ કે, સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ સ્ટેટ વેરહાઉસિંગ કોર્પો-રેશનના અધિકારીઓ નાફેડના અધિકારીઓ સહિત સંબંધિત તમામ લોકોની પૂછપરછ કરાશે અને તપાસમાં કયાંય કોઈ કચાશ નહી રખાય. ગોડાઉનના સ્થળ પર તપાસ દરમિયાન અહિં સીસીટીવી નથી તે જાણવા મળ્યું છે. સીસીટીવી ફરજિયાત હોય એવું કોઈ કાગળ કે ગાઈડલાઈન ઉપલબ્ધ નથી. સરકાર સાથે પણ આ મામલે પત્ર વ્યવહાર કરાશે. જો સરકાર તરફથી આ મામલે કોઈ ગાઈડલાઈન આપવામાં આવી હોય અને તેનો ભંગ કરવામાં આવ્યો હશે તો જ અધિકારી જવાબદાર ઠરાવાશે. સરકારની ગાઈડલાઈન મળી જાય તો તે અંગે ચોક્કસ કાર્યવાહી કરીશું. કોઈને બક્ષવાનો સવાલ નથી. આજે સેમ્પિંગ થઈ જશે. હાલ પુરતું ગોડાઉનના માલિક અને જે પરિવાર અહિં રહેતો હતો તેની પૂછપરછ પોલીસ દ્વારા કરવામાં આવી છે અને અમે પણ કરીશું. ગોંડલના મગફળી ગોડાઉનમાં લાગેલી ભીષણ આગના ચકચારભર્યા કેસમાં હજુ ચાર્જશીટ ફાઈલ નહી કરાયું હોવાનું પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

**રાજયભરના દારૂના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

થોડા દિવસો અગાઉ હાઈકોર્ટે પ્રોહીબીશનના કેસમાં પકડાયેલા આરોપીના જામીન અરજી વખતે કેટલાક ગંભીર પ્રશ્નો ઉભા કર્યા હતા જેમાં સરકાર અને પોલિસની નિષ્ક્રિયતાને લીધે બુટલેગરોને છુટો દોર મળી રહ્યો હોવાની હાઈકોર્ટે આલોચના કરી હતી. દરેક એફઆઈઆરમાં દારૂના સ્થળે જતા પહેલા આરોપી ભાગી જ જાય છે? તેમને પકડવા પોલીસ પાસે કોઈ મીકેનીઝમ કેમ નથી? સરકાર શા માટે કોઈ અસરકારક પગલા લેતી નથી? તેવા અનેક સવાલોને લઈ હાઈકોર્ટે સરકાર અને પોલીસ સત્તાવાળાઓની પૃચ્છા કરી હતી. જો કે, સરકારપક્ષ સંતોષજનક ખુલાસો કરી શકી ન હતી. આખરે હાઈકોર્ટે પ્રોહીબીશનના કેસોમાં ઉપરોકત સ્થિતિ સાથેનો વિગતવાર અહેવાલ રાજય સરકાર પાસેથી તા.૩૦મી જૂન સુધીમાં માંગ્યો હતો.

**ધોરણ ૧૨...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

શિક્ષણમાં ભ્રષ્ટાચાર અને દિશા વિહિન શિક્ષણવિભાગની અસર પરિણામ પર જોવા મળી છે. સરકારની નિષ્ક્રિયતા અને ઉદાસીનતાને લઈ વિદ્યાર્થી અને વાલીઓ ભોગ બન્યા છે. એકબાજુ, રાજયમાં વિજ્ઞાન-ગણિતના શિક્ષકોની અછત છે. બીજી બાજુ ગુજરાતમાં ગેરકાયદે કોચિંગક્લાસનો રાફડો ફાટતા પરિણામ પર અસર પડી છે. વળી અધૂરામાં પુરું સેમેસ્ટર સિસ્ટમના પ્રયોગથી વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડા થાય છે. શિક્ષણના સંવેદનશીલ અને મહત્વના મુદ્દાને લઈ ભાજપ સરકાર પાસે કોઈ સ્પષ્ટ વિઝન અને નીતિ જ નથી અને તેથી રાજયના નિર્દોષ વિદ્યાર્થીઓ તેનો ભોગ બની રહ્યા છે. આજનું ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ઘટવા પાછળ સરકારે તેની નૈતિક જવાબદારી સ્વીકારી ગુજરાતની પ્રજા સમક્ષ તેનો નિખાલસ એકરાર કરવો જોઈએ.

**ડીસા ખાડીયા...**

**પાના નં.૮ ચાલુ**

અજાણ્યા ઈસમે છરીના ઘા મારી રવાના થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં આજુ બાજુવાળા સકીરમહંમદને તાત્કાલિક ડીસા સીવીલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. આ અંગે ડીસા દક્ષિણ પોલીસ મથકે જાણ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. રાત્રિના સાડા નવ વાગે બનાવ બનતા બજારમાં અફડા તફડી મચી ગઈ હતી. બે દિવસ થવા છતાં પોલીસ તપાસ ન થતાં લોકોમાં રોષની લાગણી જોવા મળી હતી.

**થરાદમાં બેના...**

**પાના નં.૮ ચાલુ**

વાગ્યે લાઈટની આશાએ અનેક ગ્રાહકો ઉનાળાના આકરા તાપમાં અનેક ગ્રાહકો એટીએમ આગળ કતારો લગાવીને બેસી રહ્યા હતા.પરંતુ વિજળીની રાહ જોવામાં કામ પણ નહી થતાં અને અમુલ્ય સમય બગડતાં સાથે આક્રોશની લાગણી ફેલાવા પામી હતી.

જોકે વીજકંપનીના અધિકારી તથા કર્મચારીઓએ તેમના ફોન પણ બંધ કરી દીધા હતા. આમ અનેક પ્રકારે વેપારીઓ તથા પ્રજાજનોને વીજકંપનીની બેદરકારીને પરિણામે ભારે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.જીવનમાં એક વખત આવતા લગ્નના યાદગાર પ્રસંગ જ વિજકાપની સાથે ખોરવાતાં અનેક જાગૃત નાગરિકો વિજકંપનીની અડધા દિવસના બદલે આખો દિવસ વિજકાપની આવી અવળચંડાઈની ઝાટકણી કાઢતા જોવા મળ્યા હતા.જોકે આ અંગે મેન્ટેનેસ કામગીરી કરનાર ઓ એન્ડ એમ વિભાગના કે.આઈ.પટેલે જણાવ્યું હતું કે અમારી કામગીરી બે વાગ્યે પુર્ણ થઈ જતાં અમે ૬૬ કેવીને વિજ ચાલુ કરવા જાણ પણ કરી દીધી હતી.

**લગ્નસરાની સિઝનમાં...**

**પાના નં.૮ ચાલુ**

ગરમીના વધતા પ્રકોપથી લગ્નાર્થી પરિવારો સાથે સકળ જીવશ્રૃષ્ટિ ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાનનો પારો એક થી બે ડીગ્રી જેટલો વધે એટલે કે ગરમીનો પ્રકોપ વધે તેવી આગાહી હવામાન વિભાગના નિષ્ણાતો કરી રહ્યા છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૮૦૦-૪૦૩૦૦**
રૂપુ કાચું ૩૯૮૦૦- ૪૦૩૦૦
સોનુ તોલો ૩૧૯૦૦-૩૨૨૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૯૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૩૦૦૦-૩૧૫૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦
સુકી ડુંગળી ૧૮૦
લસણ ૩૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦
**ભીંડા ૪૦૦-૫૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૫૦૦-૧૯૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૩૦૦
બાદશાહ બટાકા ૩૨૦-૩૪૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૮૦૦-૧૨૦૦

# સલમાનની સાથે હવે પ્રિયંકા ચોપડા નજરે પડશે : રિપોર્ટ

હાલના દિવસોમાં બોલિવુડની નવી નવી જોડીને ચમકાવવાનો દોર ચાલી રહ્યો છે ત્યારે અલી અબ્બાસ જફર આનાથી હટીને લોકપ્રિય જોડીને સાથે ચમકાવવાના પ્રયાસમાં છે. પ્રાપ્ત હેવાલ મુજબ તેમની ભારત નામની ફિલ્મમાં હવે સલમાનની સાથે પ્રિયંકા ચોપડા હોઈ શકે છે. એકબાજુ સલમાન ખાન બોલિવુડનો સૌથી સફળ સ્ટાર છે. તેના નામથી ફિલ્મો સુપરહિટ થઈ રહી છે. બીજ બાજુ અભિનેત્રી પ્રિયંકા ચોપડા હવે ઈન્ટરનેશનલ પ્રોજેક્ટને લઈને વ્યસ્ત બનેલી છે. જો કે હવે એવા અહેવાલ છે કે બન્ને સાથે કામ કરવા માટે તૈયાર થઈ ગયા છે. રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો સલમાન ખાનની આવનારી ફિલ્મ ભારતમાં બન્ને સાથે દેખાશે. જો આવુ થશે તો બન્નેની જોડી ૧૦ વર્ષ બાદ ફરી એક સાથે નજરે પડશે. ભારત ફિલ્મનુ નિર્દેશન અલી અબ્બાસ જફર કરી રહ્યા છે. જે સલમાનની સાથે સુલ્તાન અને ટાઈગર જિન્દા હે જેવી સુપરહિટ ફિલ્મો બનાવી ચુક્યા છે.

પ્રિયંકા પણ અલીના નિર્દેશનમાં ગુન્ડે ફિલ્મમાં કામ કરી ચુકી છે. હાલમાં જ અલીએ પ્રિયંકા સાથે તેના લોકપ્રિય શો ક્વાન્ટિકોના શુટિંગ દરમિયાન ન્યુયોર્કમાં વાતચીત કરી હતી. થોડાક દિવસ પહેલા એવા હેવાલ પણ આવ્યા હતા કે અંતરિક્ષ યાક્ષી પર બનનાર ફિલ્મમાં તે આમીર ખાન સાથે દેખાશે. જ્યારે ફિલ્મ સાથે મોડેથી શાહરૂખ ખાનનુ નામ જોડાયુ ત્યારે પ્રિયંકા ખસી ગઈ હતી. સલમાન અને પ્રિયંકાની જોડ અગાઉ કેટલીક ફિલ્મોમાં સાથે ધુમ મચાવી ચુકી છે. જેમાં મુઝસે શાદી કરોગી, સલામે ઈશ્ક અને ગોડ તુસી ગ્રેટ હો ફિલ્મમાં નજરે પડી હતી. પ્રિયંકા બોલિવુડમાં સૌથી મોંઘી અને લોકપ્રિય અભિનેત્રી તરી-કે રહી છે. તેની તમામ ફિલ્મો ધુમ મચાવી રહી છે. હોલિવુડની કેટલીક ફિલ્મો પણ પ્રિયંકા ચોપડા તેના હાથમાં ધરાવે છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :..........................
માતા : .........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

## અક્ષય-રજનીકાંત

**અનુસંધાન ૫ નું ચાલુ**

ત્યારબાદ વર્ષ ૨૦૧૮ની શરૂઆતમાં ફિલ્મને રજૂ કરવાની યોજના હતી. જેને પણ ટાળી દેવામાં આવી હતી. અક્ષય કુમારની જોલી એલએલબી-૨ ફિલ્મ સફળ રહી હતી. જેમાં તેની સાથે હુમા કુરેશીની મુખ્ય અભિનેત્રી તરીકેની ભૂમિકા હતી.ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં રજૂ થયેલી આ ફિલ્મ એક કોર્ટ ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. જેમાં કોમેડી પણ ભરપુર રીતે જોવા મળી હતી. આ ફિલ્મનુ શુટિંગ મોટા ભાગે લખનૌમાં કરવામાં આવ્યુ હતુ. અભિનેભી હુમા કુરેશીને પણ એક મોટી ફિલ્મ હાથ લાગી ગઈ હતી. અક્ષય કુમાર હાલના સમયમાં સૌથી વ્યસ્ત રહેનાર અભિનેતા પૈકી એક છે.રજનિકાંત અને અક્ષય કુમાર બન્ને પોતાની ફિલ્મની રજૂઆતને લઈને આશાવાદી બનેલા છે. ફિલ્મની ઉત્સુકતા રજનિકાંતના ચાહકોમાં રહેલી છે.

## સુશાંત અને શ્રદ્ધા

**અનુસંધાન ૫ નું ચાલુ**

સુશાંત પણ યુવા પેઢીમાં એક લોકપ્રિય સ્ટાર અને આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી રહ્યો છે. તેની ફિલ્મોની પણ ચાહકો નોંધ લઈ રહ્યા છે. અલબત્ત તે ફિલ્મોને એકલા હાથે હિટ કરવાની સ્થિતીમાં નથી પરંતુ આ કલાકારો મલ્ટી સ્ટારર ફિલ્મમાં સફળ સાબિત થઈ રહ્યા છે. શ્રદ્ધા કપુર શાહિદ કપુરની સાથે એક ફિલ્મમાં કામ કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણાહુતિના આરે પહોંચી ગયુ છે. શ્રદ્ધા કપુરે આંશિકી-૨ ફિલ્મ મારફતે ભારે લોકપ્રિયતા જગાવી હતી. જેમાં આદિત્ય સાથે તેના રોલની તમામ ચાહકોએ પ્રશંસા કરી હતી. આ ફિલ્મના ગીતો સુપરહિટ સાબિત થયા હતા. સુશાંત અને શ્રદ્ધાની જોડી ચાહકોને ગમી જાય તેવી શક્યતા છે. શ્રદ્ધા કપુર નવી ફિલ્મને લઈને ભારે આશાવાદી છે.

## યામી ગૌતમ

**અનુસંધાન ૫ નું ચાલુ**

યામી ગૌતમ પોતાની મોટા ભાગની ફિલ્મોમાં ખુબસુરત સ્વીટ ગર્લ તરીકે રજૂ થઈ છે. યામી કહે છે કે તે કોઈ બાંધછોડ કરીને રોલ કરવા માટે તૈયાર નથી. તેનુ કહેવુ છે કે સરકાર-૩ ફિલ્મમાં ગ્રે રોલમાં કામ કરી ચુકી છે. તેનુ કહેવુ છે કે તે એવા રોલ કરવા માટે ઈચ્છુક છે જે એક કલાકારને કરવા માટે પડકાર ફેંકે છે. તેનુ કહેવુ છે કે આધુનિક સમયમાં વર્સેટાઈલ હોવાની બાબત ખુબ જરૂરી છે. કારણ કે દરેક વ્યક્તિ એક એક પ્રકારના રોલ જોઈને બોર થઈ જાય છે. યામી ગૌતમનુ કહેવુ છે કે તે બોલિવુડમાં મોટા સ્ટાર સાથે કામ કરવાને લઈને આશાવાદી છે. રિતિક રોશન સાથે કામ કર્યા બાદ નવી આશા જાગી છે. તે સારી ભૂમિકાવાળી ફિલ્મોને લઈને વ્યસ્ત છે. રિતિક રોશન જેવા મોટા સ્ટાર સાથે વધુ ફિલ્મોમાં કામ કરવા માટે પણ તે આશાવાદી છે. તેનુ કહેવુ છે કે સારા રોલ મેળવી લેવા માટે તે સતત પ્રયાસ કરી રહી છે. મહેનત પણ કરી રહી છે.

## ફિલ્મી સીતારા

**અનુસંધાન ૫ નું ચાલુ**

ફિલ્મ હાવડાબ્રીજમાં ગાયેલ ગીત મેરા નામ ચીન ચીન ચુ.. આજે પણ શ્રોતાઓની વચ્ચે લોકપ્રિય બનેલ છે.

૧૯૫૮ માં પ્રદર્શિત ફિલ્મ 'નયા દોર' ઓ.પી.નૈયરની સીને કેરીયરની બેસ્ટ ફિલ્મ બની હતી. આ ફિલ્મમાં એમના સંગીતમાં ગવાયેલ ગીત ઉડે ઉડે જબ જુલ્ફે તેરી.. તથા 'માંગ કે સાથ તુમ્હારા' સુપરહીટ સાબીત થયા હતા. આ સાથે ઓ.પી.નૈયરને પોતાના સીને કેરીયરમાં સૌ પ્રથમ ફિલ્મ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ એમણે તેલુગુ ફિલ્મ 'નીરજન્મને માટે પણ તેમને આંધ્ર સરકાર તરફથી સર્વશ્રેષ્ઠ સંગીતકારનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો.

૬૦ ના દશકમં ઓ.પી.નૈયરે પોતાના સંગીતના માધ્યમથી શ્રોતાઓને જકડી રાખ્યા હતા. જેમાં એમણે 'ફિર વહી દિલ લાયા હું' કાશ્મીર કી કલી, અને મેરે સનમ જેવી ફિલ્મોમાં પોતાના સંગીત વડે શ્રોતાઓને ભાવવિભોર કરી મુકયા હતા. ત્યારબાદ ૧૯૬૬ માં પ્રદર્શિત ફિલ્મ 'બહારે ફીર ભી આયેગી' માં આપ કે હસી રૂખ પર જેવા ગીતોમાં સારંગી અને પિયાનોનો ઉપયોગ કરીને એને વધુ મધુર અને લોકપ્રિય બનાવ્યા હતા.

ઓ.પી.નૈયર અને નિર્માતા ગુરૂદત્તની જોડી વર્ષ ૧૯૬૬ માં પ્રદર્શિત ફિલ્મ 'બહારે ફીર ભી આયેગી' માં એકવાર સાથે જોવા મળી હતી. જોકે આ ફિલ્મ બોકસ ઓફિસ પર સફળ થઈ નહોતી પરંતુ એનું સંગીત ખુબ જ લોકપ્રિય બન્યું હતું.

ચાર દશક સુધી ભારતીય સીનેમાને પોતાની મધુર સંગીત લહેરીયોથી સજાવવા સવારનાર મહાન સંગીતકાર ઓ.પી.નૈયર ૨૮ જાન્યુ.૨૦૦૪ ના રોજ આ દુનિયામાંથી વિદાય થયા હતા.**ક્મલેશ કંસારા**

# સંજય દત્ત સાથે ફિલ્મ મળતા ચિત્રાંગદા આશાવાદી બની છે

બોલિવુડમાં નવી નવી ફ્રેશ જોડીને ચમકાવવાની પરંપરા હાલમાં ચાલી રહી છે. હવે સંજય દત્તની સાથે ચિત્રાંગદા જોવા મળનાર છે. સાહબ, બીબી ઔર ગેંગસ્ટાર નામની ફિલ્મમાં આ બન્ને જોવા મળનાર છે. આ ફિલ્મ ૨૭મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ચિત્રાંગદા હાલમાં ખુબ ઓછી ફિલ્મ કરી રહી છે. સંજય દત્તની સાથે સાહબ , બીબી ઔર ગેંગસ્ટર ઉપરાંત બજારમાં તે સેફ સાથે કામ કરી રહી છે. આ ફિલ્મમાં સેફ અલી ખાન અને ખુબસુરત ચિત્રાંગદાની મુખ્ય ભૂમિકા છે. ફિલ્મમાં સેફ અલી ખાન એક મોટા બિઝનેસમેનની ભૂમિકામાં નજરે પડનાર છે. જે શેર માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. સેફ અલી ખાન પણ હાલમાં વધારે ફિલ્મો કરી રહ્યો નથી. તેની ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ રહી નથી. તેની છેલ્લી ફિલ્મ રંગુન હતી. જે બોક્સ ઓફિસ પર ફલોપ રહી હતી. ફિલ્મમાં તેની સાથે શાહિદ કપુર અને કંગના રાણાવત હતી. આ ફિલ્મમાં ત્રણેયની જોરદાર એક્ટિંગ હોવા છતાં ફિલ્મ ફલોપ રહી હતી. કંગનાની એક્ટિંગ કુશળતાની તમામે નોંધ લીધી હતી. બીજી બાજુ ખુબસુરત ચિત્રાંગદાને વધારે ફિલ્મો મળી રહી નથી. તે હાલમાં જ નવાજુદ્દીન સિદ્ધીકી સાથેની બાબુ મોસાસ બન્દુકબાજ ફિલ્મમાંથી નિકળી ગઈ હતી. ફિલ્મના નિર્માતા નિર્દેશકો પર આક્ષેપ કરીને તે નિકળી ગઈ હતી. તે ખુબસુરત હોવાની સાથે સાથે હોટ સ્ટાર તરીકે પણ રહી છે. તેને ફિલ્મો કરતા આઈટમ સોંગની ઓફર વધારે કરવામાં આવી રહી છે. આઈટમ સોંગમાં તેની બોલબાલા વધી રહી છે. બોલિવુડમાં ઘણા વર્ષો થઈ ગયા હોવા છતાં અને તમામ એક્ટિંગ કુશળતા હોવા છતાં તે મજબુત રીતે આગળ વધી શકી નથી.

## પેન્શનરોને મે-જૂન-જુલાઈ ૨૦૧૮ ના માસમાં હયાતીની ખાત્રી કરાવવા સુચના

પાટણ

જિલ્લા તિજોરી કચેરી પાટણ મારફતે આઇ.આર.એલ.એ. યોજના તળે પેન્શન મેળવતા પેન્શનરોને સને-૨૦૧૮ ના વર્ષ માટે મે-જૂન-જુલાઈ ૨૦૧૮ ના માસમાં હયાતીની ખાત્રી કરવાની રહેતી હોવાથી હયાતીની ખાતરી તેઓ જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય તે બેંકમાં રૂબરૂ ફોર્મમાં સહી કરી હયાતીની ખાત્રી કરાવી લેવા જણાવવામાં આવે છે. બેંકમાં હયાતીના ફોર્મમાં સહી કરવામાં આવે તે સહીનો નમૂનો જિલ્લા તિજોરી કચેરીના લેઝરના સહીના નમૂના પ્રમાણેજ સહી કરવા વિનંતી છે. જેથી સહી તફાવતના કારણે પેન્શન બંધ કરવું પડે નહી. જિલ્લા તિજોરી કચેરી, પાટણ દ્વારા તમામ બેંકોને હયાતીપણાની ખાત્રી માટેના ફોર્મ પુરા પાડવામાં આવેલ છે. જેની સર્વે પેન્શનરોએ નોંધ લેવા જિલ્લા તિજોરી અધિકારી પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

રોજગાર કચેરી, પાટણ દ્વારા

## પાટણ જિલ્લામાં મે -૨૦૧૮ દરમ્યાન નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લામાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાયી માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું છે. રોજગાર વાંચ્છુ ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ અને વ્યવસાય માર્ગદર્શન આપવા માટે તા. ૧૨/૦૫/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર, તા. ૧૪/૦૫/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા, તા. ૧૭/૦૫/૨૦૧૮ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર, તા. ૨૨/૦૫/૨૦૧૮ ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પ યોજાશે. નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિ અંગેનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ, ઈ-મેઈલ આઈડી તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સાથે લાવવા તેમ જિલ્લા રોજગાર અધિકારી પાટણની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રણુંજમાં દબાણની કામગીરી દરમિયાન હુમલા કેસમાં ૧૦ આરોપીઓનો છૂટકારો

પાટણ

પાટણ તાલુકાના રણુંજ ગામે દબાણ હટાવવા ગયેલા અધિકારી-કર્મચારીઓ પર દબાણ તોડવાનો વિરોધ કરી તેમની સામે અસભ્ય વર્તન કરનારા અને સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરનારા બાર આરોપીઓ પૈકી ૧૦ આરોપીઓએ પાટણ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ એમ.બી.કોટકે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ આપ્યો હતો.રણુંજ ગામના સરપંચે મુખ્યમંત્રી સ્વાગત ફરિયાદ કાર્યક્રમમાં ગામમાં સરકારી જમીનો પર જામેલા દબાણો દૂર કરવા માટે કરેલી રજૂઆતના પગલે કલેકટર-જિલ્લા વિકાસ અધિકારીના આદેશ પ્રમાણે તત્કાલીન પાટણ તાલુકા વિકાસ અધિકારી આર.એમ.બારોટે મામલતદાર જે.બી.રાવલ સહિત અધિકારીઓના બંદોબસ્ત સાથે તા.૨૮/૭/૨૦૦૬ ના રોજ ગામની સરકારી જમીનો પર દબાણો તોડવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ દરમ્યાન ગામના સુન્નીમોમીન સમાજના કબ્રસ્તાનની દિવાલનો ભાગ તોડવા જતા સમાજના લોકોએ ટોળામાંથી ઉશ્કેરાટ કર્યો હતો. અને સરકારી અધિકારીઓની સાથે અપશબ્દો બોલી મામલતદારનું ખીસ્સુ ફાડી નાંખીને હોબાળો મચાવ્યો હતો અને અસભ્ય વર્તન કરતા, અધિકારીઓએ ગુનો નોંધી સદર કેસ નોંધાવી પાટણ કોર્ટમાં કેસ ચાલી જતાં ૧૦ જણાને નિર્દોષ છોડવાનો કોર્ટે હુકમ કર્યો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પીલુડા** | | મેથી | ૫૯૫-૬૫૦ |
| રાયડો : | ૭૧૦ થી ૭૩૫ | ગવાર | ૭૦૬-૭૧૬ |
| એરંડા : | ૭૬૭ થી ૭૮૮ | તમાકુ | ૧૦૫૦-૧૩૪૫ |
| જીરું : | ૨૬૪૦ થી ૨૯૦૧ | **થરા** | |
| સુવા : | ૮૦૦ થી ૮૪૧ | જીરૂ | ૨૬૦૦-૩૧૦૦ |
| ઈસબગુલ : | ૧૨૬૮ થી ૧૬૧૧ | એરંડા | ૭૭૦-૭૯૫ |
| વરિયાળી : | ૧૧૫૫ થી ૧૧૫૫ | રાયડો | ૬૯૫-૭૧૦ |
| અજમો : | ૧૮૨૪ થી ૨૩૫૧ | ઘઉં | ૩૦૮-૪૩૧ |
| બાજરી : | ૨૯૦ થી ૨૯૦ | બાજરી | ૨૩૮-૨૭૮ |
| મેથી : | ૫૨૫ થી ૫૨૫ | સુવા | ૭૫૦-૮૩૦ |
| **ડીસા** | | વરી. | ૧૦૭૩-૧૭૩૬ |
| ઘઉં | ૩૧૨-૩૩૨ | **સિધ્ધપુર** | |
| બાજરી | ૨૫૦-૨૬૫ | જીરૂ | ૨૪૪૫-૨૫૬૫ |
| રાજગરો | ૧૧૦૦-૧૨૨૫ | વરીયાળી | ૧૦૮૫-૧૧૨૫ |
| તમાકુ | ૧૦૫૦-૧૫૨૫ | સરસવ | ૭૩૦ |
| એરંડા | ૭૭૨-૭૮૦ | ઈસ. | ૮૦૦-૧૦૬૧ |
| રાયડો | ૭૦૦-૭૨૭ | રાયડો | ૬૬૦-૭૪૦ |
| **પાંથાવાડા** | | એરંડા | ૭૪૦-૭૯૭ |
| ઘઉં | ૨૮૫- ૩૦૦ | ગવાર | ૬૫૦-૬૭૦ |
| રાજગરો | ૧૦૦૦/- ૧૧૫૫ | મેથી | ૪૮૦-૫૧૫ |
| ઈ.ગુલ | ૧૧૯૦- ૧૧૯૦ | ઘઉં | ૩૦૭-૪૫૪ |
| જીરુ | ૨૭૯૧- ૨૭૯૧ | બાજરી | ૧૭૦-૨૪૦ |
| એરંડા | ૭૬૫-૭૮૫ | **પાટણ** | |
| રાયડો | ૬૮૬-૭૨૮ | જીરૂ | ૨૦૦૦-૨૯૨૨ |
| **ધાનેરા** | | વરીયાળી | ૧૦૦૦-૧૪૦૦ |
| ઘઉં | ૨૯૩-૩૫૪ | મેથી | ૪૦૦-૫૦૨ |
| બાજરી | ૨૪૭-૨૮૦ | સુવા | ૭૦૦-૯૨૫ |
| જવ | ૩૦૦ | રાયડો | ૬૫૦-૭૩૫ |
| ગવાર | ૭૦૫-૭૧૪ | એરંડા | ૭૫૫-૭૮૭ |
| રાયડો | ૬૫૦-૭૨૨ | ઈસ. | ૧૦૦૦-૧૩૦૦ |
| એરંડા | ૭૬૫-૭૭૮ | અજમો | ૮૦૦-૧૧૧૧ |
| સુવા | ૮૦૦-૮૮૧ | ઘઉં | ૨૮૨-૪૦૪ |
| મેથી | ૬૫૨ | બાજરી | ૧૭૭-૨૬૪ |
| ઈસ. | ૧૦૦૦-૧૫૩૬ | ગવાર | ૬૭૫-૬૯૭ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૫૦ | કપાસ | ૭૬૦-૧૦૭૬ |
| વરીયાળી | ૯૫૪-૧૨૨૫ | **થરાદ** | |
| રાજગરો | ૧૦૪૧-૧૨૦૧ | રાયડો | ૬૯૫-૭૪૭ |
| અજમો | ૧૧૯૧-૧૩૦૦ | એરંડા | ૭૬૦-૭૮૦ |
| ચણા | ૬૧૧-૬૧૮ | જીરુ | ૨૫૦૦-૩૩૭૦ |
| અસાળીયો | ૭૨૫-૭૭૧ | વરીયાળી | ૧૦૮૦-૧૨૭૧ |
| ચીકુડી | ૧૦૭૦-૧૧૯૫ | ચિકુડી | ૧૧૦૦-૧૨૫૦ |
| અન્ય | ૬૧૧-૧૧૯૫ | સોવા | ૬૯૦-૮૫૧ |
| **ભીલડી** | | ઈસબગુલ | ૧૨૫૦-૧૬૫૦ |
| એરંડા | ૭૭૦-૭૮૨ | **રાહ** | |
| રાયડો | ૬૭૭-૬૮૫ | રાયડો | ૭૦૦-૭૨૫ |
| રાજગરો | ૧૦૪૧-૧૧૮૦ | એરંડા | ૭૭૦-૭૮૦ |
| બાજરી | ૨૪૮-૨૫૮ | ચિકુડી | ૧૦૬૦-૧૨૫૦ |
| ઘઉં | ૨૯૫-૩૦૪ | સોવા | ૮૨૫-૮૮૫ |

## સમી ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો



પાટણ

સમી માર્કેટ યાર્ડ ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૫ સ્ટોલનું પ્રદર્શન રાખેલ હતું. પાટણના નાયબ બાગાયત નિયામકશ્રી એમ. બી. ગાલવાડિયાએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. પ્રગતિશીલ ખેડૂતોએ ખેતી અંગેના પ્રતિભાવો આપ્યા હતા. મસાલા સંશોધન કેન્દ્ર, જગુદણ થી આવેલ ડો. બી.જી. પ્રજાપતિ અને આર. આર પ્રજાપતિએ ખેતી આધારિત ખેડૂતોની આવક ડબલ કરવા અગે માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોને ઓર્ગેનિક ખેતી અને ગાય આધારિત ખેતીનું માર્ગદર્શન આપવામાં આવેલ. પશુપાલન અને ખેતી, બાગાયતની સરકારી સહાયની વિગતો ખેડૂતોને આપવામાં આવી હતી. સમી તાલુકા પ્રમુખ લીલાબેન ઠાકોર, સમી તાલુકા ઉપપ્રમુખ મુકેશભાઈ દવે, કારોબારી અધ્યક્ષ રણજીત સિહ સીધવ, ભાજપ પ્રમુખ, સમી ભોપાજી ઠાકોર,સમીના એપીએમસીના ચેરમેન હીરાભાઈ ચાવડા, તેમજ સેક્રેટરી ગોવિદ ભાઈ પ્રજાપતિ, તાલુકા સદસ્ય વેલાભાઈ સીધવ વગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

વધુ માં સમીના મામલતદાર કે..જી. ગઢવી, સમીના તાલુકા વિકાસ અધિકારીશ્રી આર .જે. ઠાકોર, એટીએમ, આત્મા, સમીના યોગેશ પટેલ, વિસ્તરણ અધિકારીશ્રી શીવાભાઈ પટેલ અને તમામ ગ્રામ સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ હેઠળ સરકારશ્રીની જળ સચય ઝુંબેશ હેઠળ પાણીની બચત કરવાનાં સકલ્પ લીધા હતા. અને જળ સચયની કામગીરી ની માહિતી આપી હતી.

શામળાજી હાઈ-વે પાસે આગનો બનાવ

## ગૌચરમાં ભીષણ આગ લાગતાં પંખીઓના માળા આગની લપેટમાં

અરવલ્લી

રાજ્યમાં આગના ત્રણ બનાવ સામે આવ્યા છે. જેમાં અરવલ્લીના શામળાજી હાઈવે પાસે આવેલા ગૌચરમં ભીષણ આગ લાગતા પંખીઓના માળા પણ આગની લપેટમાં આવ્યા છે.

જ્યારે મહેસાણા જિલ્લાના ઊંઝાની વિજયા બેંકમાં પણ આગ લાગતા ફાયરના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવવા પ્રયાસ હાથ ધર્યો હતો. બીજી તરફ જામનગરના ખંભાળિયામાં આર્ય સમાજ પાસે મકાનમાં આગ લાગતા ફાયરની ટીમ દોડતી થઈ હતી.

અરવલ્લીના શામળાજી હાઈવે પાસે આવેલા ગૌચરમાં ભીષણ આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આ આગમાં પંખીઓના માળા પણ લપેટમાં આવી ગયા હતા.

આ આગ લાગવાનું પ્રાથમિક તારણ જણાવીએ તો, સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે, આ ઘટના વીજતાર તૂટવાના કારણે ઘટી હતી. જોકે ગ્રામજનો દ્વારા તરત વનવિભાગને જાણ કરતા તંત્ર દ્વારા તેના પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના ભીલોડાના ખેરંચા પાસે ઘટી હતી.

## મહેસાણા રેલવેની તત્કાલ ટિકિટના કાળા બજાર કરનારો દલાલ ઝડપાયો

મહેસાણા

મહેસાણા આર.પી.એફે ફેક આઈડીથી રેલવેની તત્કાલ ટિકિટના કાળા બજાર કરનાર દલાલને રૂા.૧૧.૫૮૫ ની કિંમતની ૫ ટિકિટો સાથે ટિકિટના કાળા બજાર કરનાર દલાલને રંગે હાથે ઝડપી એક દિવસના મેળવેલા રિમાન્ડ દરમિયાન તેના ઘરેથી વધુ પાંચ ટિકિટો કબજે કરવામાં આવી હતી. દલાલને ગત સોમવારે રેલવે કોર્ટમાં રજુ કરાયા બાદ સાબરમતી જેલમાં મોકલી આપ્યો હતો.

એએસઆઈ કેશુભાઈ, વિમલ પટેલ સહિતની ટીમે ગોઠવેલી વોચ દરમિયાન તત્કાલ ટિકિટના સમય મોઢેરા રોડ પર આવેલા એપોલો બેન્કલેવમાં આવેલ સાયબર કેફમાં ફેક આઈડીથી તત્કાલ ઈ.ટિકિટ કઢાવતો શ્રીકાંત પરષોત્તમભાઈ ઓઝા રૂા.૧૧.૫૮૫ ની કિંમતની પાંચ ટિકિટો સાથે ઝડપાયો હતો. બાદમાં તેને અમદાવાદ રેલવે કોર્ટમાં રજુ કરી બે દિવસના રીમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે એક દિવસના રીમાન્ડ આપ્યા હતા. બાદમાં તેને સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

## હિંમતનગરમાં ઔ.બ્રહ્મોદય સમાજનો ૨૬ મો યજ્ઞોપવિત સંસ્કાર યોજાયો

હિંમતનગર

સાબરકાંઠાના હિંમતનગર ખાતે સહકારી જીન રોડ પરના અશોક વાટીકા પાર્ટીપ્લોટ ખાતે ગત રવિવારે સાબરકાંઠા ઓદિચ્ય બ્રહ્મોદય સમાજનો ૨૬ મો સમુહ યજ્ઞોપવિત સંસ્કાર તથા ત્રીજો સમુહ અગિયારસ વ્રતોદ્યાપન ઉત્સવનું આયોજન "સર્જન યુવક સંઘ" પગપાર-(મુંબઈ-હિંમતનગર) દ્વારા જયશ્રીબેન અરવિંદભાઈ જોષીના મુખ્ય યજમાન પદે તથા નૈનેશભાઈ જયદેવભાઈ પંડ્યાના આચાર્ય પદે યોજાયો હતો.

આ પ્રસંગે સાત બટુકોએ સમુહ યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા. તથા અગિયારસ બહેનોએ સમુહ અગિયારસ વ્રતોદ્યાપન ઉત્સવનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં બટુકોએ સમાજના દાતાઓ દ્વારા રાઈટીંગ પેડ, રૂદ્રાક્ષની માળા, પિતાંબર તથા પુજા માટેની સામગ્રી સહિત રોકડ રકમ તથા અગિયારસ વ્રતોદ્યાપન ઉત્સવમાં સહભાગી થયેલી બહેનોને એક ગ્રામ સોનાની ચેન, બલેન્કેટ, ટોવેલ સહિત રોકડ રકમ દાતાઓ તરફથી સમાજના અગ્રણીઓના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે સર્જન યુવક સંઘ મુંબઈ-હિંમતનગરના પ્રમુખ અશોકભાઈ જોષી, મંત્રી જયકાન્તભાઈ એમ.જોષી, અશોકભાઈ એન.જોષી (હરિઓમ), દિલીપભાઈ વી. જોષી, વિગેરેએ હાજરી આપી હતી.

## ખેતી અને ખેડૂતને સમુધ્ધ કરવા રાજય સરકાર કટીબધ્ધ છે : પરબતભાઈ પટેલ

પ્રાંતિજ

ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે જિલ્લા પ્રભારી અને સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો હતો. પ્રાસંગિક પ્રવચન કરતા મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના ખેડુતોની આવક ૨૦૨૨ સુધીમાં ડબલ કરવા માટે જાગૃતિ લાવવા અને ખેડુત ભાઈઓ-બહેનોને કૃષિ સંલગ્ન ક્ષેત્રે આધુનિક કૃષિ તાંત્રિકતા અને સજીવ ખેતી અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તાલુકે તાલુકે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કૃષિ તજજ્ઞ દ્વારા માહિતી મળી રહે તે એવુ આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાતની મહત્વાકાંક્ષી એવી સુજલામ સુફલામ યોજનો પ્રારંભ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજથી કરાયો હતો જેના થકી સિંચાઈનું પાણી ઉપલબ્ધ થતા ખેડૂતો આર્થિક રીતે સમુધ્ધ બન્યા છે. આ પ્રસંગે જળ સંચય અભિયાન અંતર્ગત પ્રાંતિજના ભાંખરીયા અને બોખના તળાવને ઉંડા કરવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ ઉપરાંત કિસાન કલ્યાણ મહોત્સવ દરમિયાન પ્રગતિશીલ ખેડૂતોનુ સન્માન કરવામાં આવ્યું હતું.કિસાન કલ્યાણ મહોત્સવમાં સાસંદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રિન્સીપલ સેક્રટરી રાજગોપાલન, જિલ્લા કલેકટર પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચરન, ,સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ,માર્કેટયાર્ડના પ્રમુખ રાજેશભાઈ પટેલ, સહિત જિલ્લાનાં વરિષ્ઠ પદાધિકારીઓ-અધિકારીઓ,વિવિધ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો,ગ્રામજનો અને ધરતીપુત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાધનપુરમાં કોંગ્રેસ દ્વારા જનમિત્ર અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં કોંગ્રેસ દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં લોકો સાથે સીધો સંપર્ક સાધી શકાય તે માટે જનમિત્ર બનાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે,જે અંતર્ગત બુધવારે બેઠક યોજાઈ હતી,જિલ્લા પ્રભારીઓ જકાભાઈ પટેલ,રામજીભાઈ ઠાકોર અને યાસીનભાઈ બંગલાવાળાની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં તાલુકાના ૯૩ અને રાધનપુર શહેરના ૩૦ બુથ માટે જનમિત્ર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ જનમિત્રો લોકો સાથે સીધો સંપર્ક કરીને તેમના પ્રશ્નોને વાચા આપશે અને દરેક બુથ સુધી મતદારોને લઈ આવીને કોંગ્રેસ તરફી મતદાન કરાવી પક્ષને જીત અપાવવા જહેમત ઉઠાવશે. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ,શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, તાલુકા જનમિત્ર ઈન્ચાર્જ આનંદગિરી ગોસ્વામી અને દિનેશજી ઠાકોર,શહેર જનમિત્ર ઈન્ચાર્જ ઈમરાનભાઈ શેખ અને રાકેશભાઈ કેશાજી ઠાકોર સહીત કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ઊંઝા મામલતદાર કચેરીમાં અરજદારોને કામ માટે ધરમધક્કા

ઊંઝા

ઊંઝા મામલતદાર કચેરી ખાતે સેવા કેન્દ્ર ઉભુ કરીને લોકોને સાચી દિશામાં માર્ગદર્શન મળી રહે અને ઝડપથી કામ પૂર્ણ થાય તે માટે ધારાસભ્યે તાકીદ કરી છે. આજકાલ મામલતદાર કચેરીમાં ખાસ કરીને નાયબ મામલતદાર તેમજ ક્લાર્કોના અભાવે અરજદારોના કામકાજ ધક્કે ચડી રહ્યા છે.

ઊંઝા મામલતદાર કચેરી ખાતે અરજદારોના કામકાજ સમય મર્યાદામાં પૂર્ણ નહિં થતાં હોવાની ફરિયાદો ઉઠી છે. ખાસ કરીને જમીનના કામકાજમાં ઓનલાઈન નોંધો ૯૦ દિવસે પણ મંજુર નહિં થતાં પરેશાનીનો પાર નથી. મોટાભાગે ૩૦ દિવસમાં કામનો નિકાલ થવો જોઈએ. પરંતુ ત્રણ ત્રણ મહિને પણ નોંધોનો નિકાલ નહિં થતાં અરજદારોને ધરમના ધક્કા પડી રહ્યા છે. ઘણીવાર કામકાજ ઝડપથી પૂર્ણ કરવા દાન-દક્ષિણાનો વહીવટ કરવા છતાં પણ કામ ન થતું હોવાનો આક્ષેપો થઈ રહ્યા છે.

ઊંઝા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારની ચારેક જગ્યાઓ ખાલી પડી છે, ઈ - ધરામાં બે જગ્યા, ઓફિસ સુપ્રિન્ટેડેન્ટ, મધ્યાહન ભોજનની જગ્યા ખાલી છે. હાલમાં ફરજ બજાવતા ત્રણેક નાયબ મામલતદારોને બેથી ત્રણ ચાર્જ સોંપીને ગાડી ગબડાવવામાં આવી રહી છે, ગ્રામ્યકક્ષાએ ઊંઝા તાલુકાના ૩૫ ગામોના સાત સેજાઓમાં રેવન્યુ તલાટી માત્ર ત્રણ હોવાથી ભગવાન ભરોસે તંત્ર ચાલી રહ્યું છે.

## સિધ્ધપુરના કુંવારા ગામે સરપંચે રાજીનામું આપતા ખળભળાટ

સિધ્ધપુર

સિધ્ધપુર તાલુકાના કુંવારા ગામે સરપંચ તરીકે નરોત્તમભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા. જેઓ છેલ્લા કેટલાય સમયથી વિકાસના કામોનો પંચાયતમાં ઠરાવ કરતા. તે ઠરાવો વિરોધ પક્ષના સભ્યો દ્વારા પસાર ન કરાતા અને વિકાસના કામોમાં અડચણરૂપ થતાં હતા તેથી કંટાળીને ઈ.ચા.તાલુકા વિકાસ અધિકારીને રાજીનામું આપી દેતાં ખળભળાટ મચી ગયો હતો.

એક વર્ષથી સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ગામમાં વિકાસના કામો શરૂ કર્યા હતા. જે છેલ્લા કેટલાય સમયથી વિપક્ષી સભ્યો દ્વારા અચડણ ઉભી કરવામાં આવી રહી છે. જયારે ગામની પંચાયતની બોડીમાં વિપક્ષના સભ્યો ૬ જયારે સરપંચ સહિત બીજા ચાર સભ્યો ચૂંટાઈ આવ્યા છે.

છેલ્લા કેટલાય સમયથી પંચાયતની બોડીમાં વિકાસના કામોના ઠરાવ મુક્તા વિપક્ષી સભ્યો ઠરાવ પસાર થવા દેતા ન હતા. વિકાસમાં રાજકારણ લાવી વિકાસના કામોનો વિરોધ કરી રોડા નાંખવામાં આવતા તેનાથી કંટાળીને તા.૪/૫/ ૨૦૧૮ ના રોજ સિધ્ધપુર તાલુકા પંચાયત કચેરીમાં ઈ.ચા.ટી.ડી.ઓને રાજીનામું આપી દેતા તાલુકાના રાજકારણમાં ખળ ભળાટ મચી જવા પામ્યો છે. જોકે રાજીનામાની ચકાસણી હજુ બાકી છે.

## ધોરણ - ૧૨ સાયન્સમાં સમગ્ર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં એકમાત્ર એ - વન ગ્રેડ સાથે પાયોનિયર સ્કૂલ ઝળહળતી સિધ્ધિ

પાટણ

ગતરોજ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા ગુજકેટ દ્વારા માર્ચ - ૨૦૧૮ માં લેવાયેલ ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર થયું જેમાં આ વર્ષે સમગ્ર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ૯૯.૯૬ પી.આર. સાથે એ.વન ગ્રેડ મેળવનાર એકમાત્ર વિદ્યાર્થી પટેલ પાર્થ મુકેશભાઈએ આ ઝળહળતી સફળતા મેળવેલ છે. તે ઉપરાંત ગુજકેટ માં પણ ૯૯.૯૮ પીઆર. મેળવી પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત સમગ્ર ગુજરાત રાજયમાંથી કુલ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના ટોપ - ૧ ટકામાં આવતા વિદ્યાર્થીઓને ગુ-જરાત સરકાર દ્વારા પ્રત્યેક વિદ્યાર્થીને ૪ લાખ રૂપિયા જેટલી સ્કોલરશીપ જાહેર કરવામાં આવેલી છે.

તેમાંથી પાયોનીયર સ્કૂલ ના ગુજરાત રાજયમાંથી ટોપ ૧ ટકામાં આવનાર કુલ ૧૭ વિદ્યાર્થીઓએ સફળતા મેવળી છે. જેમાં પટેલ પાર્થ મુકેશભાઈ ૯૯.૯૬ ટકા, ચૌધરી જયેશ માનસંગભાઈ ૯૯.૯૫ ટકા,



ગૌસ્વામી શ્રધ્ધા શંકરપુરી ૯૯.૭૫ ટકા, અગ્રવાલ વિજય અનીલકુમાર ૯૯.૭૩ ટકા, પટેલ મૈથિલ જયેશભાઈ ૯૯.૬૭ ટકા, માળી અનિલ થાનાજી ૯૯.૬૭ ટકા, પટેલ શુભમ હરગોવનભાઈ ૯૯.૬૭ ટકા, પટેલ જય ભદ્રેશભાઈ ૯૯.૪૮ ટકા, કુંભાર સુલ્તાન દાઉદભાઈ ૯૯.૧૪ ટકા, ચૌધરી જયેશ બાબરભાઈ ૯૯.૧૩ ટકા , ચૌધરી સુરેશ વરજંગભાઈ ૯૮.૯૦ ટકા, ચૌધરી જિજ્ઞેશ ભારમલભાઈ ૯૮.૫૯ ટકા, જોષી પુજા પ્રકાશભાઈ ૯૮.૪૨ ટકા, પટેલ ઉમંગ સુધીરભાઈ ૯૮.૧૫ ટકા, આયર ગોવિંદ પતાભાઈ ૯૭.૯૬ ટકા, અમીન કરીના કિશનભાઈ ૯૭.૮૬ ટકા, પટેલ વેદાંત મનીષભાઈ ૯૭.૭૬ ટકા સાથે આ સિધ્ધિ પ્રાપ્ત કરી પોતાના માતા - પિતા પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત પાયોનિયર સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓમાંથી બોર્ડના પરિણામમાં ૯૦ થી વધુ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓ ૫૮ અને ૮૦ થી વધુ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓ ૯૯ છે. જયારે ગુજકેટના પરિણામમાં પણ પાટણ જિલ્લામાં પાયોનિયર સ્કૂલ અવ્વલ નંબરે રહી દર વર્ષની જેમ આ વર્ષે પણ પોતાની સિધ્ધિઓનું પુનરાવર્તન કર્યું છે. જેમાં ગુજ-કેટમાં ૯૦ થી વધુ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓ ૬૫ અને ૮૦ થી વધુ પીઆર મેળવનાર વિદ્યાર્થીઓ ૧૦૪ છે.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેન કે.સી. પટેલે વિદ્યાસંકુલ પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓને તેમના માતા - પિતા, પરિવારજનોઅને શાળાના શિક્ષક મિત્રોને સખત પરિશ્રમ થકી મેળવેલ પરિણામ માટે બિરદાવ્યા હતા.

આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટી વિકાસભાઈ પટેલ, વિવેકભાઈ પટેલ તથા પ્રિન્સીપાલ નરસિંહભાઈ પટેલ અને વાઈસ પ્રિન્સીપાલ હિતેન્દ્રભાઈ પટેલ તથા તમામ સ્ટાફ મિત્રોએ તમામ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.